**આજનો સુવિચાર**

પ્રકૃતિ ઈશ્વરનું સ્વરૂપ છે કલા મનુષ્યનું સ્વરૂપ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૫ જૂનાગઢ તા.૦૬-૦૭-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 175, Junagadh : Date : 06 July, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# રાહુલ ગાંધી અમદાવાદમાં : દુર્ઘટના પીડિત પરીવારો સાથે મુલાકાત : લોખંડી બંદોબસ્ત

## રાહુલ ગાંધીની મુલાકાતનો વીએચપી, બજરંગદળનાં કાર્યકરો દ્વારા જય શ્રીરામનાં નારા સાથે વિરોધ પ્રદર્શન : કાર્યકર્તાઓની વ્યાપક અટકાયત



અમદાવાદ,તા.૬

લોકસભાના કોંગ્રેસ વિપક્ષ નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદની મુલાકાતે આવ્યા છે.

રાહુલ ગાંધીની અમદાવાદ મુલાકાત દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહેલ, ગુજરાતનાં કોંગ્રેસનાં એકમાત્ર સાંસદ ગેનીબેન ઠાકોર તેમજ કોંગ્રેસનાં ધારાસભ્યો ઉપસ્થિત રહયા છે. અમદાવાદ કોંગી કાર્યકરોની ધરપકડ કરાયેલા કાર્યકરોની મુલાકાત કરી રાહુલ ગાંધી કાર્યકરોને સંબોધન કરશે. ત્યારબાદ તેઓ રાજકોટ, મોરબી, વડોદરા, સુરતના દુર્ઘટનાગ્રસ્ત પરિવારોને મળી રહયા છે. રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પીડીત ૬ પરિવારના સભ્યો અમદાવાદ પહોંચ્યા છે. મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાના પીડીત પરિવારો સાથે પણ વાતચીત કરશે. હતભાગીઓને ન્યાય મળે તે માટે તેઓ સરકારને ઢંઢોળશે.

લોકસભા વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ હિન્દુત્વ વિશે કરેલા નિવેદનને પગલે અમદાવાદના કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી અથડામણ, પથ્થરમારો અને હુમલાના બનાવમાં પોલીસે ભાજપ અને કોંગ્રેસની સામસામી ફરિયાદ નોંધી છે. આ ઘટનાના પડઘા દિલ્હી સુધી પડયા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસે રાહુલ ગાંધીને ગુજરાત આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું. જેના પગલે રાહુલ ગાંધી આજે અમદાવાદની ટુંકી મુલાકાતે આવ્યા છે. રાહુલ ગાંધીના આગમનને પગલે અમદાવાદ પોલીસ પણ એલર્ટ મોડમાં છે.

દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદનાં પાલડી વિસ્તારમાં આવેલ વિશ્વ હિન્દુ પરીષદનાં કાર્યાલય ખાતે વીએચપી તેમજ બજરંગદળનાં કાર્યકરો મોટી સંખ્યામાં ભેગા થયા છે રાહુલ ગાંધીની મુલાકાતના વિરોધમાં ઉગ્ર પ્રદર્શન કરી રહયા છે. પાલડીમાં વીએચપી કાર્યકર્તાઓએ ચક્કાજામ કર્યો છે અને પોલીસ સાથે ઘર્ષણ થતાં પોલીસે વીએચપી અને બજરંગદળનાં કાર્યકરોની અટકાયત કરી છે. રાહુલ ગાંધીની મુલાકાત વખતે કોઈ ગરબડ થાય નહી તે માટે અમદાવાદ શહેરમાં લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે રેપીડ એકશન ફોર્સ તૈનાત કરવામાં આવી છે. અગ્રણી સંત ચૈતન્ય શંભુ મહારાજે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ જે ઉચ્ચારણો કર્યા છે તેનો વિરોધ કરવા સમગ્ર હિન્દુ સમાજ ઉપસ્થિત છે. દરેક કાર્યકર્તા, સાધુ-સંતો હાજર છે. એમણે જે હિન્દુ તરફે નફરત, અને તેમનો જે ડીએનએ છે એ લોકસભાની અંદર ઉજાગર કર્યો તેનો વિરોધ કરવા હિન્દુ સમાજના કાર્યકર્તા એકત્રિત થયા છે.

# આખરે NEET-UGનું કાઉન્સેલીંગ સ્થગીત

નવી દિલ્હી તા. ૬

દેશમાં બહુચર્ચિત નીટ - યુજી પરીક્ષામાં ગેરરીતિનાં મામલે સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે અને મામલો સુપ્રિમ કોર્ટમાં છે તેટલું જ નહી કેન્દ્ર સરકારે નીટ - યુજીની પરીક્ષામાં ગેરરીતિ મામલાની તપાસ સીબીઆઈને સોંપી છે ત્યારે એવા અહેવાલો આવી રહયા છે કે, હાલમાં નીટ-યુજીનું કાઉન્સેલીંગ સ્થગીત કરવામાં આવ્યું છે. આધારભૂત સુત્રોનાં હવાલાથી આ વાત કહેવામાં આવી છે. નીટ - યુજીનું કાઉન્સેલીંગ આજથી શરૂ થનાર હતું પરંતુ જયાં સુધી બીજી સુચના જાહેર ન થાય ત્યાં સુધી નીટ-યુજીનું કાઉન્સેલીંગ સ્થગીત કર્યાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ૨૫ લાખ વિદ્યાર્થીઓએ નીટ-યુજી પરીક્ષા આપી છે અને નીટ-યુજીની પરીક્ષાના રેન્કીંગનાં આધારે દેશભરની મેડીકલ અને ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ મામલાની વધુ સુનાવણી તા. ૮ જુલાઈએ સુપ્રિમ કોર્ટમાં હાથ ધરવામાં આવશે.

# આગામી બજેટમાં બચત ખાતાની રૂા. ૨૫ હજાર સુધીની વ્યાજની આવક કરમુકત કરાશે

નવી દિલ્હી, તા.૬ઃ નાણામંત્રી નિર્મલા સીતારમણ આ મહિને રજૂ થનારા બજેટમાં કરદાતાઓને ઘણી રાહતો આપી શકે છે. અહેવાલો અનુસાર, તેમાંથી એક રાહત કરદાતાઓના બચત ખાતા સાથે સંબંધિત હોઈ શકે છે. સરકાર સેવિંગ્સ એકાઉન્ટ પર બેંકો પાસેથી મળતા વ્યાજ પર ટેક્સને લઈને ભેટ આપવાની તૈયારી કરી રહી છે.

એક રિપોર્ટ અનુસાર, બચત ખાતા પર વ્યાજમાંથી ૨૫ હજાર રૂપિયા સુધીની આવક પર બજેટમાં કપાતનો લાભ મળી શકે છે. રિપોર્ટમાં મામલા સાથે જોડાયેલા લોકોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સરકારને આ સંબંધમાં એક -સ્તાવ મળ્યો છે, જેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. દરખાસ્તમાં કહેવામાં આવ્યું છે કે સરકારે બચત ખાતાની વ્યાજની આવક પર કર-કપાતપાત્ર રકમ વધારવી જોઈએ.

# સોમવારે રાહુલ ગાંધી મણીપુરની મુલાકાતે જશે

નવી દિલ્હી તા. ૬ : કોંગ્રેસ સુત્રોનાં હવાલાથી જાહેર કરવામાં આવેલ વિગતો મુજબ કોંગ્રેસનાં સાંસદ અને લોકસભામાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી આગામી સોમવારે અશાંતગ્રસ્ત મણીપુરની મુલાકાત લેશે. લોકસભામાં વિપક્ષનાં નેતા બન્યા બાદ રાહુલ ગાંધીની આ પ્રથમ મણીપુર મુલાકાત છે. રાહુલ ગાંધી મણીપુરની મુલાકાતને લઈને દેશભરમાં ચર્ચા થઈ રહી છે કારણ કે વિપક્ષ દ્વારા સતત એવો આરોપ મુકવામાં આવી રહયો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હજુ સુધી મણિપુરની મુલાકાત લીધી નથી ત્યારે નેતા પ્રતિપક્ષની મણીપુરની મુલાકાતે રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી દીધી છે.

# ગુજરાતમાં ચાલુ સીઝનનો સરેરાશ ૨૨.૬૨ ટકા વરસાદ નોંધાયો


અમદાવાદ તા. ૬

રાજય કન્ટ્રોલ રૂમનાં આંકડા મુજબ ગુજરાતમાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં સરેરાશ ૨૨.૬૨ ટકા વરસાદ નોંધાયો છે. રાજયનાં ચારેય ઝોનમાં નોંધપાત્ર વરસાદ પડયો છે. જો કે છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદનું જોર ધીમું પડયું છે. પરંતુ હજુ તો જુલાઈનો પ્રારંભ જ છે અને ગુજરાતમાં ચોમાસું જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં ધોધમાર વરસાદ નોંધાય છે ત્યારે આગામી ત્રણ મહિનામાં સમગ્ર રાજયમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાશે તેવી આશા રાખવામાં આવી રહી છે. દરમ્યાનમાં હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસની આગાહી કરવામાં આવી છે, જે અનુસાર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ઝડપી ગતિથી પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને દરિયો નહી ખેડવા સૂચના આપવામાં આવી છે. બીજી તરફ ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે પણ નવસારી, વલસાડ જિલ્લામાં વરસાદ વરસ્યો છે.

# બજાજ ઓટોએ વિશ્વની પ્રથમ CNG પેટ્રોલ બાઈક લોન્ચ કરી

નવી દિલ્હી તા. ૬ : દેશની અગ્રણી ટુ-વ્હીલર ઉત્પાદક બજાજ ઓટોએ એવું કર્યું છે જે આજ સુધી વિશ્વમાં કોઈએ કર્યું નથી. બજાજ ઓટોએ સત્તાવાર રીતે વિશ્વની પ્રથમ બાઈક બજાજ ફ્રીડમ વેચાણ માટે લોન્ચ કરી છે. આ ઐતિહાસિક મોટરસાઈકલના લોનચિંગ સમયે કેન્દ્રીય રોડ અને ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રી નીતિન ગડકરી પણ હાજર હતા, જેમણે આ બાઈકને ગેમ ચેન્જર ગણાવી હતી. આકર્ષક દેખાવ અને સ્પોર્ટી ડિઝાઈનથી સજ્જ આ બાઈકની પ્રારંભિક કિંમત રૂ. ૯૫,૦૦૦ (એક્સ-શોરૂમ) નક્કી કરવામાં આવી છે. બજાજ ઓટોએ આ બાઈકને કોમ્યુટર સેગમેન્ટમાં લોન્ચ કરી છે. પરંતુ ટીમે આ બાઈકના લુક અને ડિઝાઈન પર શાનદાર કામ કર્યું છે. જયારે તમે આ બાઈકને પહેલી નજરમાં જોશો ત્યારે તમારા મનમાં પહેલો પ્રશ્ન આવશે તે છે CNG સિલિન્ડર. આ બાઈકને જોઈને તમે કદાચ અંદાજ પણ નહીં લગાવી શકો કે કંપનીએ આ બાઈકમાં CNG સિલિન્ડર ક્યાં મૂક્યું છે.

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
**જન કલ્યાણ ફાર્મ નર્સરી**



પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ
કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન દોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે
**જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે**
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ

**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૯ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

**દુકાન બંધ કરવા સબબ**
**ખરીદી કરવા જરૂર પધારો**
**નહીંતર અફસોસ....**
કેન્દ્રીય વિદ્યાલય (K.V.S.) કનેરીયા કોન્વેન્ટ, માનસ વિદ્યાલય, આલ્ફા, નોબલ વગેરેનાં સ્કુલ ડ્રેસ
તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેની શોપીંગ સેન્ટર
**મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫**

**ડૉ. દિપેન જે. સુબા**
(M.P.T., MMP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED)
Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી ક્લીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
॥ આદિત્ય ॥ ક્લીનીક



ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુ:ખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુ:ખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો છિતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઈન સામે, જયશ્રી ફાટક પાસે, જૂનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જાગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



Jio
સૌ પ્રત્યેની કાળજી અને સહાનુભૂતિનો આપનો વારસો અમારા ભવિષ્ય માટે નિરંતર માર્ગદર્શક બની રહ્યો છે.



**ધીરુભાઈ હીરાચંદ અંબાણી**
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમેન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સદાય.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી.
- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર
Reliance Industries Limited
Growth is Life
www.ril.com

# વેરાવળમાં જર્જરીત એપાર્ટમેન્ટનો રવેશ ધરાશાયી થયો, સદનસીબે જાનહાનિ ન થઈ

**ટ્રાફીકથી ધમધમતા અને લોકોની ચહલ-પહલ વાળા રસ્તા ઉપરના એપાર્ટમેન્ટનો મલબો પડેલ : શહેરમાં અકસ્માતને આમંત્રણ આપતા અનેક જર્જરીત મકાનો પડવાના વાંકે ઉભા છતાં તંત્ર નિંદ્રાધીન**



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૬

વેરાવળમાં ટ્રાફિકથી ધમધમતા એવા ૮૦ ફૂટ રોડ ઉપરના એક જર્જરીત એપાર્ટમેન્ટનો રવેશ ધડાકાભેર ધરાશાયી થયો હતો. આ ઘટના સવારે બની હોવાથી જૂજ લોકોની અવરજવરના કારણે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. જો કે આ એપાર્ટમેન્ટના જર્જરીત ભાગને ઉતારી લેવા માટે પાલિકા તંત્ર દ્વારા અગાઉ નોટીસ પણ પાઠવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં સેકડો ઈમારતો જર્જરીત હાલતમાં જોવા મળી રહી છે. જેને ઉતારવાની કામગીરી કરવાના બદલે પાલિકા તંત્ર નોટિસ પાઠવીને સંતોષ માની લેતું હોવાથી અવારનવાર જર્જરિત મકાનો ધરાશાયી થવાના નાના મોટા અકસ્માતો થઈ રહ્યા છે. તેવી જ રીતે વધુ એક ધરાશાયી થયાનો અકસ્માત સામે આવ્યો છે. જેની પ્રાપ્ત વિગતો અનુસાર આજે સવારે વેરાવળમાં લોકોની અવરજવર વાળા ૮૦ ફૂટ રોડ ઉપર આવેલ ગગનદીપ એપાર્ટમેન્ટનો બીજા માળનો રમેશ અચાનક જ ધડાકાભેર ધરાશાયી થઈ તેનો કાટમાળ નીચે રસ્તા ઉપર વિખેરાઈ ગયો હતો.

આ સમયે ત્યાં રસ્તા ઉપર લોકોની અવરજવર ન હોવાથી સદનસીબે જાનહાની ટળી હતી. આ અકસ્માતની જાણ થતા પાલિકાના સ્ટાફે સ્થળ મુલાકાત લઈ કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ આ જર્જરીત એપાર્ટમેન્ટને અગાઉ પાલિકા તંત્ર દ્વારા નોટિસ પાઠવીને જર્જરીત ભાગ ઉતારી લેવા માટે તાકીદ કરી હતી તેમ છતાં એપાર્ટમેન્ટના કર્તાહર્તાઓએ કોઈ જાતની કામગીરી ન કરતા આજે અકસ્માત સર્જાયો છે. જેથી હવે આ એપાર્ટમેન્ટ બિલ્ડીંગનો સ્ટ્રક્ચર રિપોર્ટ કરાવી તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું ચીફ ઓફિસરે એક વાતચીતમાં જણાવેલ છે.

# જ્યેષ્ઠ માસની માસિક શિવરાત્રીની સોમનાથ મંદિરે ભક્તિમય ઉજવણી કરવામાં આવી



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૬

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે દરેક માસની માસિક શિવરાત્રી ઉપર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે. ત્યારે પ્રણાલિકા અનુસાર જયેષ્ઠ માસની માસિક શિવરાત્રિ પર સોમનાથ મંદિરની યજ્ઞશાળામાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈના હસ્તે શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુરૂદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. ત્યારે જયેષ્ઠ માસની માસિક શિવરાત્રી ઉપર સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાઠાત્મક લઘુરૂદ્ર, હોમાત્મક લઘુરૂદ્ર અને સોમેશ્વર મહાપૂજા કરીને મહાદેવને વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી.

આ સાથે જ રાત્રીના સમયે સોમનાથ ખાતે પ્રણાલિકા અનુસાર રાત્રિના પારંપરિક જ્યોત પૂજન કરવામાં આવ્યું હતું. જ્યોત પૂજનમાં સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ, જીએમ વિજયસિંહ ચાવડા, સહિત મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. આ પાવન પ્રસંગે સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા મંદિરના પુજારી, તીર્થ પુરોહિતો સાથે મંત્રોચ્ચારથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. પૂજનના અંતે સચિવ દ્વારા મહાદેવને મહાપૂજા માટે પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. જયેષ્ઠ માસિક શિવરાત્રીના અવસરે રાત્રે પૂજારી તેમજ તીર્થ પુરોહિતો દ્વારા મહાદેવની મહાપૂજા કર્યા બાદ મધ્યરાત્રિએ ૧૨ વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી.

માસિક શિવરાત્રીની મહાઆરતીનો લાભ લેવા હજારોની સંખ્યામાં ઉમટેલ શિવભક્તોના "હરહર મહાદેવ, જય સોમનાથ"ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠી શિવમય બની ગયું હતું.

# દ્વારકાધીશ જગતમંદિરે આવતીકાલે રથયાત્રા ઉત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાશે



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૬

યાત્રાધામ દ્વારકા જગ વિખ્યાત દ્વારકાધીશ જગતમંદિર ખાતે રથયાત્રા ઉત્સવ મંદિર પટાગણમાં ધામધૂમ પુર્વક ઉજવાશે. આવતીકાલે તા.૭-૭-૨૦૨૪ રવિવારને અષાઢ સુદ ૨(અષાઢી બીજ)ના દિવસે રથયાત્રા ઉત્સવ હોવાથી મંદિર પટાગણમાં ધામધુમથી ઉજવાશે. શ્રીજીના દર્શન સવારનો ક્રમ નિત્યક્રમ મુંજબ રહેશે. તેમજ રથયાત્રા ઉત્સવ દર્શન સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી ઉજવાશે. ત્યારબાદ શ્રીજીના દર્શન નિત્યક્રમ મુજબ રહેશે. સર્વે દર્શનાથીઓને વહીવટદાર દ્વારકાધીશ મંદિર દ્વારકાની યાદીમાં જણાવ્યું છે.

# ગીરગઢડામાં જાહેરનામાનો ઉલાળીયો કરનાર ત્રણ તબીબો સામે ગુનો નોંધાયો

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૬

ગીર સોમનાથના ગીરગઢડામાં ત્રણ તબીબો પોતાની હોસ્પીટલમાં ફાયર સેફટી અને બાયોમેડીકલ વેસ્ટના જાહેરનામાની અમલવારી ન કરતા હોવાનું આરોગ્ય વિભાગની ટીમની તપાસમાં સામે આવ્યું હતું. જેને લઈ ત્રણેય તબીબો સામે જાહેરનામા ભંગ કરવા બદલ પોલીસમાં ગુનો નોંધાવવામાં આવતા તબીબી આલમમાં ફફડાટ પ્રસરી ગયો છે. રાજકોટના અગ્નિકાંડ જેવી ઘટના ગીર સોમનાથ જિલ્લામાં ન બને તેના માટે જિલ્લાના તમામ જાહેર અને ખાનગી સ્થળો કે, જ્યાં મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતાં હોય તેવી તમામ જગ્યામાં જિલ્લાના મેજિસ્ટ્રેટ દિગ્વિજયસિંહ ડી. જાડેજાએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જિલ્લાના તમામ જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીનું ફાયર સેફટીનું પ્રમાણપત્ર, ફાયર સેફટી લે-આઉટ પ્લાન, ફાયર સેફટી અંગેના સાઈન બોર્ડ, બિલ્ડીંગ ડેવલપમેન્ટ પરમિશન, બિલ્ડીંગ યુટીલાઈઝેશન પરમિશન, હંગામી સ્ટ્રક્ચરના કેસમાં સ્ટ્રકચરલ સ્ટેબિલિટીનું પ્રમાણપત્ર, ઈલેક્ટ્રિકલ ટેસ્ટ સર્ટિફિકેટ, લિફ્ટના ઉપયોગ માટેનું લાયસન્સ તથા નિયત નમૂનાનું પ્રમાણપત્ર રાખવા તથા હોસ્પિટલમાં બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬માં થયેલ જોગવાઈ મુજબ જિલ્લાની તમામ હોસ્પિટલોને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ઓથોરાઈઝેશન સર્ટિફિકેટ, કોમન બાયોમેડિકલ વેસ્ટ ડિસ્પોઝલ ફેસીલીટીનું મેમ્બરશીપ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ તથા નિયત નમૂનાનું સાઈન બોર્ડમાં ઈન્ડોર કેપેસિટી, જીપીસીબીનું ઓથોરાઈઝેશન સર્ટિફિકેટ, કોમન બાયોમેડિકલ વેસ્ટ ડિસ્પોઝલ ફેસીલીટીનું મેમ્બરશીપ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ, બાયોમેડિકલ વેસ્ટ સેગ્રીગેશન માટે સ્ટાફને ટ્રેનિંગ આપેલ છે કે કેમ? તેની વિગતો લોકો સરળતાથી જોઈ શકે તેવી રીતે રાખવા જાહેરનામુ બહાર પાડેલ હતું. આ બંન્ને જાહેરનામાનો અમલ હોસ્પિટલોમાં થાય છે કે કેમ ? તેની તપાસ કરવા જીલ્લા કલેકટર જાડેજાએ સુચના આપતા આરોગ્ય વિભાગની ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેમાં ગીરગઢડાની ત્રણ હોસ્પીટલોમા સામે આવેલ બેદરકારી અંગે માહિતી આપતા ટીએચઓ ડો.વિપુલ દુમાતરે માહિતી આપતા જણાવેલ કે, ગીરગઢડાના ડો.વિવેક બી.હીરપરા, ડો.હર્ષદ એચ.રીબડીયા અને ડો.હાર્દિક સી. બુહાની હોસ્પીટલોને એક માસ અગાઉ નોટિસ આપી જાહેરનામા મુજબ કામગીરી કરવા સુચના આપી હતી. તેમ છતાં આજદીન સુધી ત્રણેય હોસ્પીટલોએ ફાયર સેફટી તથા બાયોમેડીકલ વેસ્ટના નિકાલ અંગે જાહેરનામા મુજબની કોઈ કામગીરી ન કરી સર્ટીફીકેટ ડીસ્પ્લે કર્યા ન હતા. બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ પણ નિયમોનુસાર કરવાના બદલે જાહેરમાં રૂટીન કચરા સાથે કરી જાહેરનામાનો ભંગ કરી રહ્યા હોવાથી ત્રણેય તબીબો સામે જાહેરનામા ભંગ બદલ ગીરગઢડા પોલીસમાં ભારતીય ન્યાય સહિતાની કલમ -૨૨૩(બી) હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ જાહેરનામાનો અમલ નહીં કરતા હોય તેવા તમામ એકમો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા તંત્ર મક્કમ હોવાનું જાણવા મળી રહેલ છે.

# સરદાર ધામ દ્વારા આયોજિત 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ



(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૬

અમદાવાદમાં સરદાર ધામ દ્વારા આયોજિત 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થયો છે. આ 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'ના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, કોઈપણ બિઝનેસ સમિટ નાની કે મોટી હોતી નથી એ હંમેશા દૂરદર્શિતા ધ્યાનમાં રાખીને આયોજિત થતી હોય છે, એનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૩માં ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ શરૂ કરીને ગુજરાતને એક ગ્લોબલ પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. એવી જ રીતે આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પણ દેશના અર્થતંત્રને આગળ લઈ જવામાં ઉપયોગી સાબિત થશે. આ અવસરે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, 'આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫' એ ભારતના આર્થિક વિકાસમાં એક સહયોગ આપનારી સમિટ બનવા જઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, આત્મનિર્ભર ભારત એ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્વપ્ન હતું, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂરૂ કર્યુ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહિ ભારતને વિકાસના પથ ઉપર આગળ વધવાની પ્રેરણા ગુજરાતમાંથી જ મળે છે એવો તેમને વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ અવસરે સરદાર ધામના પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયાએ કહ્યું કે, ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫ એ યુવા શક્તિના સ્વાર્ગી વિકાસ માટે આયોજિત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ચાર પાટીદાર સમિટનું આયોજન થઈ ચૂક્યું છે. આજે પાંચમી પાટીદાર સમિટ કાર્યક્રમનો શુભારંભ થયો છે. જાન્યુઆરી ૨૦૨૫માં ગાંધીનગર ખાતે ચાર દિવસીય આ પાટીદાર સમિટ યોજાશે. એટલું જ નહીં, આ સમિટમાં સર્વ સમાજના લોકો જોડાયા છે. આમ, સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું સુત્ર સાર્થક થઈ રહ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું. આ કાર્યક્રમમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫ સાથે સંકળાયેલ ગોવિંદ વરમોરા, બીપીનભાઈ તેમજ સરદાર ધામના ટ્રસ્ટીઓ, ઉદ્યોગજગત સાથે સંકળાયેલા મહાનુભાવો અને મોટી સંખ્યામાં સરદાર ધામના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા પરિવાર દ્વારા આવતીકાલે જગત મંદિરે નૂતન ધ્વજારોહણ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાના ધારાસભ્ય અને રાજ્યના વન પર્યાવરણ તથા ક્લાયમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ હરદાસભાઈ બેરા પરિવાર દ્વારા આવતીકાલે રવિવાર તારીખ ૦૭-૦૭-૨૦૨૪ ને અષાઢી બીજના રોજ દ્વારકાધીશ મંદિરના શિખર ઉપર નૂતન ધ્વજારોહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આવતીકાલે રવિવારે બપોરે ત્રણ વાગ્યે ધ્વજા પૂજન બાદ સાંજે ૪:૩૦ વાગ્યે દ્વારકામાં આહીર સમાજની વાડી (જુના ચરકલા રોડ) ખાતેથી શોભાયાત્રા પ્રસ્થાન કરશે. સાંજે ૫ વાગ્યે જગત મંદિરના શિખર ઉપર નુતન ધ્વજારોહણ તથા સાંજે ૭ વાગ્યે મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

# ઊના બાર એસોસિએશન દ્વારા ૧૨ મુદ્દાને લઈ મુખ્યમંત્રીને રજુઆત કરી



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૬

ઊના બાર એસોસિએશન દ્વારા પ્રાંત અને મામલતદાર વિરૂધ્ધ વિવિધ ૧૨ મુદ્દાને લઈ મુખ્ય મંત્રીને રજુઆત કરી છે. ઉના પ્રાંત કચેરી, મામલતદાર કચેરીમાં અધીકારીઓ પોતાની મનમાનીથી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરીને લાંચ લેવા હોવા અંગે તેમજ અન્ય વિવિધ મુદ્દે આવેદન આપી લેખિત રજૂઆત કરાઈ હતી. ઉના પ્રાંત કચેરી, મામલતદાર કચેરીમાં અધીકારીઓ પોતાની મનમાનીથી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરીને લાંચ લેવા હોવા અંગે તેમજ અન્ય વિવિધ મુદ્દે આવેદન આપી લેખિત રજૂઆત કરાઈ હતી. ઉના પ્રાંત કચેરી તથા મામલતદાર કચેરીના અધિકારીઓ ઉપર લાંચ માંગવાના આક્ષેપો થયા છે. નીતિ નિયમો નેવે મુકીને અધીકારીઓ પોતાની મનમાનીથી કાયદાને અવગણીને કામ કરે છે. મોટા પ્રમાણમાં લાંચ લેવામાં આવે છે.

આ અંગે ઉના બાર એસોસિએશન દ્વારા વિવિધ ૧૨ મુદ્દાને લઈ આ બાબતે રાજ્યના મુખ્ય મંત્રીને સંબોધી ઉના ડેપ્યુટી કલેકટરને લેખિત આવેદન આપ્યું હતું. પ્રાંત કચેરીની અંદર કોઈપણ કામ જેવા કે ખાતેદાર ખેડુતનું પ્રમાણપત્ર, જમીનને લગતા કોઈપણ પ્રકારના કેસ, અપીલ તથા વિવિધ પ્રકારની અરજીઓ કે મંજુરી લેવાની હોય તમામ કામની અંદર પ્રાંત કચેરીના કર્મચારી મનફાવે તેવા રૂપીયાની માંગણી કરે તેવા આક્ષેપો થયા છે. અરજદાર રૂપીયા ન આપે તો અરજીઓ નામંજુર કરી દેવામાં આવે છે. ઉના મામલતદાર અને પ્રાંત કચેરી બંને ઓફીસમાં કંપની મારફત આઉટસોર્સીંગ સ્ટાફ ઘણા વર્ષોથી એકજ જગ્યા ઉપર કામગીરી કરે છે. જેથી તેઓ પણ કામગીરી કરવા માટે લાંચ માંગે છે. લાંચ ન આપવામાં આવે તો કામ થતાં નથી કે કામમાં મોડું કરવામાં આવે છે. ઉના બાર એસોસીએશન એ કરી લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે, આ અંગે તાત્કાલીક પગલા ભરવા નહિ આવે તો ગાંધી ચીધ્યા માર્ગે પગલાં ભરવાની કડવી ફરજ બજાવવી પડશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)
ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ


જલજીવન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જ્યેષ્ઠ માસની માસિક શિવરાત્રીની સોમનાથ મંદિર ખાતે ભક્તિમય ઉજવણી

## ટ્રસ્ટ તરફથી સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈના હસ્તે લઘુરૂદ્રયજ્ઞ અને જ્યોતપુજન કરવામાં આવ્યા : મધ્યરાત્રિએ મહાઆરતીના દર્શને હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૬

પ્રત્યેક માસિક શિવરાત્રિ પર સોમનાથમાં કરવામાં આવે છે પાઠાત્મક અને હોમાત્મક લઘુરૂદ્ર, અને સોમેશ્વર મહાપૂજાર સોમનાથ તા.૫/૭/૨૦૨૪- જયેષ્ઠ વદ તેરસ, ગુરૂવાર પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી પર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે. ત્યારે આજરોજ પ્રણાલિકા અનુસાર જયેષ્ઠ માસની માસિક શિવરાત્રિ પર શ્રી સોમનાથ મંદિરની યજ્ઞશાળામાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થ પુરોહિતો પાસે શ્રી સોમનાથ મંદિરમાં દૈનિક ૧૨૧ રુદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુરુદ્ર કરાવવામાં આવે છે. ત્યારે જયેષ્ઠ માસની માસિક શિવરાત્રી ઉપર સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાઠાત્મક લઘુરુદ્ર, હોમાત્મક લઘુરુદ્ર, અને સોમેશ્વર મહાપૂજા કરીને મહાદેવને વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી. સાથે જ રાત્રીના સમયે સોમનાથ ખાતે પ્રણાલિકા અનુસાર રાત્રિના પારંપરિક જ્યોત પૂજન કરવામાં આવ્યું હતું. જ્યોત પૂજનમાં સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, સહિત મહાનુભાવો તેમજ મોટી માત્રામાં ભાવિકો જોડાયા હતા. આ પાવન પ્રસંગે શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા મંદિરના પુજારીશ્રી તેમજ તીર્થ પુરોહિતો સાથે મંત્રોચ્ચારથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. પૂજનના અંતે સચિવ દ્વારા શ્રી સોમનાથ મહાદેવને મહાપૂજા માટે પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવેલ. જયેષ્ઠ માસિક શિવરાત્રીના અવસરે રાત્રે મંદિરના પૂજારીશ્રી તેમજ તીર્થપુરોહિતોદ્વારા મહાદેવની મહાપૂજા કર્યા બાદ મધ્ય રાત્રિએ ૧૨:૦૦ વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી. માસિક શિવરાત્રીની મહા આરતીનો લાભ લેવા હજારોની સંખ્યામાં શિવભક્તો સોમનાથ મંદિર પરિસરમાં ઉમટ્યા હતા. "હરહર મહાદેવ, જય સોમનાથ"ના નાદ થી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યુંહતું.

# જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ બહેનોએ દ્વારા જાતે બનાવેલી ચીજ વસ્તુઓનું એક્ઝિબિશન તથા ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું




જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં પંચેશ્વર રોડ ઉપર આવેલી મહિલા આઈ.ટી.આઈ.માં ફેશન શો તથા એક્ઝિબિશન-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેશન શો માં તાલીમાર્થીનીઓ દ્વારા વિવિધ થીમ ઉપર ફેશન શો રજૂ કરવામાં આવ્યો તથા તાલીમાર્થીનીઓ દ્વારા અલગ અલગ વિષયો ઉપર પ્રોજેક્ટ બનાવી એક્ઝિબિશન રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડો. હાર્દિક રામાણી, ડાયરેકટર, જીનિયસ પબ્લિક સ્કૂલ, સુરેશભાઈ ડી. સોલંકી, સીમા મન્સૂરી અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટ ઓફ ધ યર તથા રિલ્સ કોમ્પીટીશન ના પ્રથમ પાંચ ક્રમ મેળવનાર તાલીમાર્થીઓને ડો. પિયુષ બોરખતરીયા (એસ્થે કાયાકલ્પ હોસ્પિટલ), નિશા આહુજા (નવકાર ગીફટ) તથા ભાવિકા સંચાલિયા (રોઝ બ્યુટી પાર્લર) તરફ ગીફટ વાઉચર તથા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ શ્રી પ્રિયેશ વાળા , શ્વેતા કુકડીયા, અંજના ટાંક, દિશા બંસલ, શીતલ પટોડિયા, નિકુંજ ભેંસદડીયા, મિતેશ ડોડીયા, નિરૂપા સાદિયા, વિભૂતિ ભટ્ટ તેમજ સ્વપ્ન યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજા સહિતના લોકોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ ખાતે કુલ પાંચ પ્રકારના રોજગાર લક્ષી કોર્ષમાં તાલીમ આપવામાં આવે છે. જેમાં કમ્પ્યુટર, ફેશન ડિઝાઈનિંગ, બ્યુટી પાર્લર, સિવણ તથા ફિઝીયોથેરાપીના કોર્ષ કરાવવામાં આવે છે. કોર્ષ દરમ્યાન શિષ્યવૃત્તિ, સ્ટાઈપેન્ડ અને બસ પાસ જેવી યોજનાનો લાભ આપવામાં આવે છે. ખાસ કરીને મહિલા વિવિધ પ્રકારની તાલીમ મેળવી આત્મનિર્ભર બને તે માટે આઈ.ટી.આઈ.માં વિવિધ તાલીમ આપવામાં આવી રહી છે.

# સંત શિરોમણી શ્રી દેવતણખીધામ મજેવડી (જૂનાગઢ) ખાતે વિશાળ જગ્યામાં હાઈટેક નવનિર્મિત સંકુલનું આયોજન

## ભોજનાલય, સભાગૃહ, યાત્રિક ભવન તથા લુહાર સમાજ પ્રસંગોપાત ઉપયોગમાં લઈ શકે તેવું વિશાળ પાર્ટી પ્લોટનું આયોજન



જૂનાગઢ, તા.૬

સંત શિરોમણી શ્રી દેવતણખીબાપા તેમજ લીરલબાઈ માતાજીની ચેતન સમાધિ સ્થાનક તેમજ લીરલ માતાજી જન્મ સ્થળે દેશ-વિદેશથી ભક્તો સંત શ્રી દેવતણખી બાપાના દર્શન માટે મજેવડી (જુનાગઢ) ખાતે આવે છે. સંત શ્રી દેવતણખી બાપા સાચા અર્થમાં સેવાના ભેખધારી હતા તેમની પાસે કશી મિલકત કે આવક ન હતી તેમ છતાં તેમણે સેવાની જ્યોત જગાવી હતી અને તે જ્યોત આજે પણ દૈવતણખીધામ ખાતે પ્રગટી રહી છે. સંત શ્રી દેવતણખી ધામ મજેવડી (જુનાગઢ) ટ્રસ્ટ સંત, સેવાવ્રતીઓની પ્રેરણાથી વિકાસ માટે હરહંમેશ પ્રયાસ કરતા રહેતા હોય છે.

હાલ ખૂબ જ મોટી સંખ્યામાં લુહાર - પંચાલ સમાજના ભકતો સંત શ્રી દેવતણખીધામ મુકામે દર્શન અને પ્રસાદ માટે આવતા હોય છે. જેને લઈ ભોજનાલયમાં લોકોને હાઈટેક સુવિધાનો લાભ મળી રહે અને એક સાથે હજારો લોકો પ્રસાદ લઈ શકે તેવા હેતુ સાથે ટ્રસ્ટ આ ૪૦,૦૦૦ ચોરસ ફુટ બાંધકામમાં રૂ. ૫ કરોડના ખર્ચે સમાજનું સૌથી મોટું હાઈટેક સંકુલ બનાવવામાં આવશે. સમસ્ત લુહાર સમાજને ઉપયોગી થાય તેવા નવા અધતન ભોજનાલય-સભા મંડપ અને લગ્ન હોલ, યાત્રિક ભુવનની વ્યવસ્થા તેમજ સમૂહ લગ્નોત્સવ, ભાગવત સપ્તાહ, સત્કાર સમારંભ, જેવા અનેક ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમના મેળાવડા માટે અતિ ઉપયોગી આધુનિક પાર્ટી પ્લોટ તથા આધુનિક સુવિધા સાથે સંપન્ન સંકુલનું બાંધકામ માટેનું આયોજન થવા જઈ રહ્યું છે. ભૂમિ પૂજન તથા શિલારોપણ તેમજ ભવ્ય લોક ડાયરાનું સવંત ૨૦૮૦ તે અષાઢ સુદ એકમ આજ તારીખ ૬-૭-૨૦૨૪ શનિવારના રોજ રાખેલ છે તથા અષાઢી બીજ મહોત્સવ તથા ૧૧ ઉમી રથયાત્રા આવતીકાલ તા.૭-૭-૨૦૨૪ને રવિવારના રોજ ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ નવનિર્મિત સંકુલનો ખાતમુહૂર્ત આપણા લુહાર જ્ઞાતિ રત્ન જુનાગઢ નિવાસી શામજીભાઈ ખીમજીભાઈ ડવા પરિવાર તથા અન્ય દાતાશ્રીઓના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવશે. બાંધકામ માટે એક ચોરસ ફૂટ ના રૂા.૧૨૫૧/- નું યોગદાન વ્યક્તિગત રીતે પણ આપી શકે છે. નવનિર્મિત બાંધકામ માટે રૂા.૧૨૫૧૦/- કે તેથી વધુનું યોગદાન આપનાર દાતાશ્રીનું નામ તક્તીમાં ટ્રસ્ટ નક્કી કરે તે રીતે લખવામાં આવશે.આ સંસ્થાને આપવામાં આવતું દાન ૮૦જી હેઠળ આવકવેરામાં બાદ મળવા પાત્ર છે.

જલુહાર સમાજના દેશ-વિદેશમાં વસતા સર્વ જ્ઞાતિજનો વડીલો લુહાર જ્ઞાતિના ટ્રસ્ટી મંડળના પ્રમુખઓ, ટ્રસ્ટીઓ, કારોબારીઓ, ઉદ્યોગ શ્રેષ્ટીઓ, સમાજના મીડિયા મિત્રો સર્વ સહ પરીવાર પધારી દેવતણખી ધામની શોભામાં અભિવૃદ્ધિ કરવા વિનંતી. સમસ્ત લુહાર સમાજના દરેક પરિવારો ઉદ્યોગપતિઓ સમાજ શ્રેષ્ટીઓને આ ભગીરથ નિર્માણ કાર્યમાં તન મન ધન થી ઉદાર હાથોએ સહકાર ફંડ -દાન આપવા શ્રી દેવતણખી ધામ ટ્રસ્ટી મંડળ આપ સર્વને નમ્ર વિનંતી સાથે અરજ કરી રહ્યા છીએ. ટ્રસ્ટ મંડળે દ્વારા નવનિર્મિત બિલ્ડીંગ વિષે રસપદ માહિતી આપવામાં આવેલ પ્રમુખ શાંતિભાઈ ગોહેલ, રાજુભાઈ પિત્રોડા, અતુલભાઈ મકવાણા, વલ્લભભાઈ પરમાર, મનોજભાઈ વાઘેલા, પુરષોતમ ભાઈ પિત્રોડા (દાસકાકા), હરેશભાઈ પીઠવા, રમેશભાઈ કારેલીયા, જગદીશભાઈ કારેલીયા, પ્રવીણભાઈ કારેલીયા, જેન્તીભાઈ હરસોરા, નિરંજનભાઈ પરમાર, ભીખાભાઈ ડોડીયા, જેન્તીભાઈ પરમાર, ધીરજભાઈ ગોહેલ, ભરતભાઈ પીઠવા, મહેશભાઈ પીઠવા, દિનેશભાઈ કારેલીયાએ વિગતવાર માહિતીઓ આપેલ હતી. તથા અષાઢી બીજ મહોત્સવ-૨૦૨૪ માં સમસ્ત લુહાર-પંચાલ સમાજને મજેવડી ખાતે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢ જીલ્લા મથકે તા. ૨૫ જુલાઈ તથા તાલુકા મથકે તા. ૨૪ જુલાઈના રોજ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ,તા.૬

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા. ૨૫/૭/૨૦૨૪ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા. ૨૪/૭/૨૦૨૪ ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

નાગરિકોએ જીલ્લા સ્વાગતમાં પોતાની રજુઆતો/ફરીયાદો/પ્રશ્નો, પુરતી માહિતી અને પુરાવા સાથેની અરજી ચાલુ માસની ૦૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજુ કરવાની રહેશે. જીલ્લા સ્વાગત, જીલ્લા કક્ષાના કાર્યક્ષેત્રમાં આવતી હોઈ તેવી અરજીઓ, તાલુકા સ્વાગતમાં જે રજુઆતોનો નિકાલ ન થયો હોઈ અને અરજદાર જીલ્લા સ્વાગતમાં રજુ કરે તેવી અરજીઓનો સમાવેશ કરવાનો રહેશે. અરજદારે જે પ્રશ્નોનો નિકાલ તાલુકા સ્વાગતમાં આવી શકે તેમ હોય, તેવી રજુઆતો પ્રથમ તાલુકા સ્વાગતમાં રજુ કરવી અને તાલુકા સ્વાગતમાં જે રજુઆતો નિકાલ ન થાય તો પછી જીલ્લા સ્વાગતમાં રજુ કરવી. અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, એક જ સમયે અનેક વિષયોને લગતી રજુઆતો કરી શકશે નહી. વેબસાઈટ પર અરજદાર ઓનલાઈન રજુઆત મોકલી શકશે.

જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેકટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૫/૭/૨૦૨૪ ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જયારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી/ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૨૪/૭/૨૦૨૪ બુધવારના રોજ ૧૧-૦૦ કલાકે મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

# સાળંગપુર ધામે દાદાના સી. એમ ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ કેન્દ્રિયમંત્રી પીયૂષભાઈ ગોયલેએ આર્શીવાદ લીધા



સાળંગપુર, તા.૬

"શ્રદ્ધા કા દૂસરા નામ શ્રી સાળંગપુરધામ" ખાતે ગુજરાત સરકાર તેમજ સાંસદ કેન્દ્રિય મંત્રીઓ શ્રી કષ્ટભંજનદેવના ચરણે શીશ ઝુકાવી ગુજરાતની જનતાની સુખાકારીની પ્રાર્થના માટે આશીર્વાદ લેવા પધાર્યા હતા. ખાસ આપણા ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ સાંસદ કેન્દ્રિય મંત્રી પીયૂષભાઈ ગોયલ, સી.આર.પાટીલ, હર્ષભાઈ સંઘવી, કુંવરજીભાઈ બાવળીયા, ભાનુંબેન બાબરિયા, બચૂભાઈ ખાબડ વિગરે ગુજરાત સરકારના મંત્રીઓ, ધારાસભ્યો તેમજ નવા ચૂંટાયેલા સાંસદ સભ્યો પૂજા કરી દાદાના શિખર ઉપર ધજા ચડાવી ધન્યતાનો અનુભવ કર્યો હતો. હનુમાજી મંદિરના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પ્રકૃતીની રક્ષા કરવા વૃક્ષ વાવવાનો સંદેશ સમાજને આપ્યો હતો. હનુમાજી મંદિરના મુખ્ય કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી તથા શા.હરિજીવનદાસજી સ્વામી-ગઢપુર, શા. શુકદેવપ્રસાદદાસજી સ્વામી - નાર, પૂ.ધનશ્યામ સ્વામી - કુંડળ, કો.શ્યામવલ્લભ સ્વામી - વડતાલ, પૂ.બાલમુકુંદ સ્વામી - સરધાર વગરે સંતો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યુ હતું.

# ખંભાળિયામાં કલેક્ટર કચેરી ખાતે જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ



જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે અહીંના કલેક્ટર જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં "જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ"ની બેઠક કલેકટર યોજાઈ હતી. આ બેઠકમાં તેમણે વાસ્મો દ્વારા ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી મેળવીને સમીક્ષા કરી, જરૂરી સૂચનો કર્યા હતા. પાણી પુરવઠા બોર્ડ દ્વારા કાર્યરત દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રસ્તાવિત કામોને જરૂરી ચર્ચા બાદ સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી તેમજ સમિતિના સદસ્યો અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# સંરક્ષણ ભરતી પુર્વ નિવાસી તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને અનુરોધ કરાયો

જૂનાગઢ, તા.૬

પલશ્કરી, અર્ધ લશ્કરી, પોલીસ ફોર્સ તથા સીક્યુરીટી ગાર્ડમાં ભરતી સબબ ભરતી પુર્વે રોજગાર કચેરી દ્વારા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને શારીરિક અને લેખીત કસોટીની તૈયારી સાથે રહેવા અને જમવાની પણ નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવશે અને નિયત સ્ટાઈપેડ પણ મળશે. આ તાલીમ વર્ગમાં ધો.૧૦ પાસ કે તેથી વધુ હોય તેમજ ઉમેદવારની ઉમર ૧૭.૫ થી ૨૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ. તેમજ શારિરીક અને માનસિક સક્ષમ ઉમેદવાર જ આ તાલીમ વર્ગમાં કરી શકશે.

અરજી અંગેનું ફોર્મ જિલ્લા વિનિમય કચેરી જૂનાગઢ ખાતેથી વિના મુલ્યે મેળવી પોતાની અરજી તથા જરૂરી સાધનીક કાગળો સાથે ૧૦ જુલાઈ સુધીમાં જીલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે માકલવાની રહેશે. અરજી પત્રક તથા ધો ૧૦ની માર્કશીટની નકલ તથા શાળા છોડ્યાનું પ્રમાણ પત્રની નકલ અને આધાર કાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો નંગ-૨ બેંક પાસબુકની નકલ તેમજ એન.સી.સી નુ પ્રમાણપત્ર ધરાવતા હોઈ તો તેની નકલ અરજી ફોર્મ સાથે જોડવાની રહેશે. તેમ જિલ્લા રોજગાર અધિકારી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી ટે.નં. ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉનાનાં પાલડી ગામે વિદેશી દારૂ સાથે



(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૬

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે. ઝાલા, એ.એસ.આઈ. કંચનબેન પરમાર, એ.એન.ભોળા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પાચાભાઈ પી. બાંભણિયા ગોવિંદસિંહ, રવિરાજ સંદીપ ઝણકાટ અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે પાલડી ગામે સાયકલોન સેન્ટરની પાછળ દરિયાની ખાડીના કાઠે બેઠેલ મહિલા દક્ષાબેન મહેશ ઉર્ફે ભગવાનભાઈ મેપાભાઈ સોલંકી રે. પાલડી પ્લાસ્ટિકના બાચકા સાથે બેઠી હતી. બાચકૂ ખોલવતા તેમાં છૂપાવેલ પરપ્રાંતની ઈંગ્લિશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નગ ૪૭૯ અને મોબાઈલ ફોન એક મળી કુલ રૂપિયા ૨૬૫૫૦/ની રકમના દારૂ સાથે પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# પ્રોહિબીશનના ગુન્હામાં સંડોવાયેલા બે આરોપીઓને ગીર સોમનાથ જીલ્લામાંથી હદપાર કરાયા



(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૬

ગીરગઢડા પોલીસ સ્ટેશનના તત્કાલીન પી.એસ.આઈ. જે.આર. ડાંગર અને પોલીસ હેડ કોન્સ્ટેબલ મેરૂભાઈ દુદાભાઈ વાળા અને સ્ટાફે ગીરગઢડા તાલુકાના કોદીયાં ગામના ભૂપતભાઈ નાથાભાઈ ભારેલા ઊં.વ.૫૦, ખોડુભાઈ રામજીભાઈ વરસડિયા ઊં.વ. ૩૬ની સામે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર પ્રોહિબિશનની પ્રવૃતિ કરતાને ફરિયાદો નોંધાઈ હતી. તેને હદ પાર કરવાની દરખાસ્ત ઊનામાં આવેલ પ્રાંત કચેરીમાં સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ તરફ મોકલતા સબ ડિવિઝન મેજિસ્ટ્રેટી સી.પી. હીરવાણીયા એ હદપારની દરખાસ્ત મંજૂર કરી ભૂપતભાઈ નાથાભાઈ અને ખોડુભાઈ નાથાભાઈ રે. બન્ને કોદીયાને બે માસ સુધી ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી હદ પાર કરવાનો હુકમ કરતાં પી.એસ.આઈ.એન.બી. ચોહાણ, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ વાળા, પોલીસ કોન્સ્ટેબલ દિલીપસિંહ વાઢેર અને સ્ટાફે બન્નેને શોધી હદપારના હુકમની બજવણી કરી ગીર સોમનાથ જિલ્લામાંથી હદ પાર કરેલ હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# તિબેટનો પ્રશ્ન વિશ્વમંચ પર ઉઠાવે ભારત

અમેરિકન સાંસદોની એક ટીમ જે રીતે દલાઈ લામાને ધર્મશાળા આવીને મળી, તે એટલા માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ ટીમના સાંસદોમાં નેન્સી પેલોસી પણ હતી, જેમણે અમેરિકી સંસદમાં 'રિસોલ્વ તિબેટ એક્ટ'નું વિધેયક મૂક્યું છે. તેમાં તિબેટ સમસ્યાના સમાધાન માટે ચીન પર દબાણ કરવાની ભલામણ છે. આ વિધેયક પર અમેરિકી રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થઈ જવાથી ચીન પર તિબેટીઓ સાથે વાતચીત કરવાનું દબાણ બનાવવાની અમેરિકાની ગંભીરતા દેખાશે. તેનો પ્રભાવ દુનિયાના અનેક દેશો પર પણ પડી શકશે. આ દેશોમાં સૌથી મહત્ત્વપૂર્ણ છે ભારત. ઉલ્લેખનીય માત્ર એટલું જ નથી કે ભારતે અમેરિકી સાંસદોની ટીમને ધર્મશાલા આવીને દલાઈ લામાની મુલાકાત લેવાની અનુમતિ આપી, પરંતુ આ ટીમની વડાપ્રધાન મોદીએ પણ મુલાકાત લીધી. ડોકલામ અને ગલવાન ઘાટી પર ભારત-ચીન તણાવના સંદર્ભે તેનો સંકેત સ્પષ્ટ છે. જો ભારત પણ કૂટનીતિમાં ચીનની જેમ યથાર્થવાદી પગલાં ભરે તો પરસ્પર સંબંધ સુધારની સંભાવના વધશે. માત્ર સદ્ઈચ્છા અને સાંકેતિક વાતોથી ભારતને આજ સુધી કશો લાભ થયો નથી. વસ્તુતઃ તિબેટ જ ભારત-ચીન સંબંધો વચ્ચેની કડી છે. તેની અવગણનાથી પરસ્પર વિશ્વાસ પેદા નહીં થાય.

અહીં યાદ કરી લઈએ કે બેજિંગમાં ૧૯૫૪માં થયેલ પંચશીલ સમજૂતી ભારત-તિબેટ પર જ હતી. આ સમજૂતીનું શીર્ષક જ છે - 'ચીનના તિબેટ ક્ષેત્ર અને ભારત વચ્ચે વેપાર અને સંબંધ વિશે.' છ અનુચ્છેદોની આ સંક્ષિપ્ત સમજૂતીમાં કુલ નવ વખત તિબેટનું નામ આવ્યું છે. તેમાંથી પાંચ અનુચ્છેદોમાં માત્ર એનું વર્ણન છે કે ભારત-તિબેટ સંબંધ પૂર્વવત ચાલતા રહેશે. ઐતિહાસિક દષ્ટિએ સો-પચાસ વર્ષ કશું જ નથી હોતાં. ૧૯૫૧ સુધી તિબેટ સ્વતંત્ર દેશ હતો. માર્ચ ૧૯૪૭માં દિલ્હીમાં 'એશિયન રિલેશન્સ કોન્ફરન્સ'માં તિબેટ અને ચીન, બંનેએ સ્વતંત્ર દેશોની જેમ ભાગ લીધો હતો. ૧૯૧૪માં શિમલામાં ચીન, તિબેટ અને ભારતે પરસ્પર સીમાંકન સમજૂતી પણ કરી હતી. જો ચીન ૧૮૯૦ના દસ્તાવેજનો હવાલો આપીને ડોકલામને પોતાનું ગણાવે છે, તો ૧૯૧૪ના દસ્તાવેજ અનુસાર તિબેટ પણ સ્વતંત્ર દેશ છે. એવા તથ્ય ઉઠાવીને જ ભારત, ચીન અને તિબેટ, ત્રણેય વચ્ચે પહેલાંની જેમ પરસ્પરતાનો સંબંધ બનવાનો માર્ગ મળી શકે છે. એ ઠીક છે કે ૧૯૪૯માં ભારતથી ભૂલ થઈ, જ્યારે તેણે ચીની કમ્યુનિસ્ટોને તિબેટ હડપવા દીધું. તેની અવેજીમાં ચીને ભારત અને તિબેટને સંતુષ્ટ કરવા માટે પંચશીલનો ઉપાય કર્યો. તેનો સાર એ જ હતો કે તિબેટ અને ભારતના સાંસ્કૃતિક, વેપારી, સામાજિક સંબંધ પહેલાં જેવા જ ચાલતા રહેશે - કોઈ પાસપોર્ટ, વિઝા કે પરમિટ વગર.

એ ઐતિહાસિક તથ્ય છે કે ભારત અને તિબેટ સંબંધે સદીઓથી ખુલ્લા અને પારસ્પરિક હતા, જેમાં ચીનનો કોઈ અવરોધ ન હતો. જ્યારે ચીની નેતા પંચશીલ સમજૂતીનો હવાલો આપેછે, તો ભારતીય નેતાઓને કહેવું જોઈએ કે તેના અનુચ્છેદ બે અને પાંચ અનુરૂપ તિબેટી અને ભારતીય તીર્થયાત્રીઓની બેરોકટોક યાત્રાઓ પુનસ્થાપિત કરવામાં આવે. વસ્તુતઃ ન્યાય અને વ્યાવહારિકતા, બંનેનો તકાદો છે કે પંચશીલ સમજૂતીના તમામ છ અનુચ્છેદ લાગુ કરવામાં આવે, નહિ તો તિબેટ અને તેની સહાયતા માટે ભારત સહિત દુનિયાના અન્ય ઉદાર દેશ એ જ રીતે સ્વતંત્ર છે, જેમ અન્ય દેશ કોઈ પીડિત દેશની મદદ માટે હોય છે. નિર્મલ વર્માએ તિબેટને 'સંસારનું અંતિમ ઉપનિવેશ' ગણાવ્યું હતું. ભારત અને તિબેટે પોતાની સહિયારી ચિંતાઓ અને સાંસ્કૃતિક જરૂરિયાતો પર બોલવાનો પૂરતો અધિકાર છે. આ જ આખા મામલાને ઉકેલવાનું સૂત્ર છે, પરંતુ મોટાભાગના નેતા અને બુદ્ધિજીવી 'તિબેટ રિજન ઓફ ચાઈના'ની શબ્દાવલીમાં હંમેશાં ચાઈના પકડે છે અને તિબેટ ભૂલી જાય છે! વાસ્તવમાં એનાથી ઉલટું થવું જોઈએ. હંમેશાં તિબેટનું નામ લો અને ચીનને ટોકો. ભારતનું પડોશી પહેલાં તિબેટ છે. તેના પછી ચીન છે. પંચશીલ સમજૂતી થતાં કેટલાય પત્ર-પત્રિકાઓમાં સમાચારનું મથાળું તું - ભારત-તિબેટ સમજૂતી. તેના બે-ત્રણ દાયકા બાદ પણ દુનિયાભરના નકશામાં તિબેટ અલગ દેશ જ રહ્યો. દુર્ભાગ્યે ભારતીય બુદ્ધિજીવી અને નેતા કેટલીય ગંભીર ચીજોનું નામ લે છે, પરંતુ તેના અર્થ પર ધ્યાન નથી આપતા, જ્યારે ચીન યથાર્થવાદી હોવાને કારણે તિબેટ અને ભારત બંનેના અધિકારથી વાકેફ છે. તેથી તે દલાઈ લામા પર સાવધાન રહે છે. તેમની સાથે દેશી-વિદેશી નેતાઓ મળે તેનો વિરોધ કરે છે, જ્યારે ભારત પોતાના કર્તવ્યથી ચૂકી જાય છે. એ વિચિત્ર છે કે જે તિબેટને લઈને ભારતની સમજૂતી બેજિંગ સાથે થઈ હતી, તે તિબેટની વાત ભારત જ નથી કરતું.

ચીન દ્વારા તિબેટ પર હુમલા બાદ સંપૂર્ણ વિશ્વએ પહેલાં ભારત તરફ જ જોયું હતું, કારણ કે એનાથી સર્વાધિક પ્રભાવિત થનારો દેશ ભારત હતો. ભારત દ્વારા ચીનનું સમર્થન કરતા રહેવાથી જ દુનિયા ચૂપ રહી. નહિ તો ત્યારે તો કમ્યુનિસ્ટ ચીન મહાશક્તિ તો શું, માન્યતા પ્રાપ્ત દેશ પણ ન હતો! સંયુક્ત રાષ્ટ્રમાં પણ ૧૯૭૧ સુધી ફોર્મોસા (તાઈવાન)ને માન્યતા હતી. અમેરિકાએ ૧૯૭૮ સુધી કમ્યુનિસ્ટ ચીન સાથે કૂટનીતિક સંબંધો સુદ્ધાં નહોતા બનાવ્યા. જો તિબેટ પર ભારત અવાજ ઉઠાવતું, તો ચીન મનમાની ન કરી શક્યું હોત. એ ભૂલ સુધારવી ભારતનું અનિવાર્ય કર્તવ્ય છે. એના પર ચૂપકિદી રાખવાથી ભારતનું નુકસાન થાય છે. જો ભારતે સહજતાથી તિબેટનો મુદ્દો ઉઠાવ્યો હોત, તો ચીનને ભારત સાથે સદ્ભાવ બનાવવાની ચિંતા હોત. તિબેટની સ્થિતિ પણ સુધરતી. અત્યારે તિબેટ અસહાય લાગે છે, પરંતુ જો ભારતે તેને વિશ્વમંચ પર ઉઠાવી દીધું, તો એવું નહીં રહે. ચીની સત્તાએ પોતાના દેશમાં તાનાશાહીને ઓજાર બનાવ્યું છે, તો અભિવ્યક્તિની સ્વતંત્રતા ભારતનું સાધન બની શકે છે. તિબેટીઓને વૈચારિક, સાંસ્કૃતિ, રાજકીય અભિયાન ચલાવવામાં સહાયતા આપવી ભારતના હાથમાં છે. એવું ન કરવું ખુદ ભારતની નૈતિક પ્રતિજ્ઞા વિરુદ્ધ છે. વિવિધ સામાજિક-સાંસ્કૃતિક સંગઠન, બિનરાજકીય લોકો પણ તિબેટ પર અવાજ ઉઠાવી શકે છે.

# એક પછી એક દુર્ઘટના અને અધિકારીઓનાં ભ્રષ્ટાચારથી ગુજરાતની ઈમેજ ખરડાય છે : હાઈકોર્ટની ટકોર



## અમુક અધિકારીઓ સમગ્ર રાજયની પ્રતિષ્ઠા દાવ પર મુકી શકે નહી : વારંવાર સર્જાતી દુર્ઘટનાઓ ગંભીર બાબત છે

રાજકોટ, તા.૬

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા અગ્નિકાંડ મુદ્દે દાખલ સુઓમોટો અરજીની સુનાવણીમાં હાઈકોર્ટે એવી આકરી ટીપ્પણી કરી હતી કે જાહેર સ્થળો પર એક પછી એક ભયાનક દુર્ઘટના તથા આરોપી અધિકારીઓની અઢળક અપ્રમાણસર સંપતિનાં ખુલાસાથી ગુજરાતની ખરડાતી પ્રતિષ્ઠા ચિંતાની બાબત છે.

રાજય સરકારે રાજકોટના ટીપીઓ એમ.ડી.સાગઠીયા સહીતના અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કર્યાનુ હાઈકોર્ટને જણાવ્યુ હતું. ત્યારે ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ તથા જસ્ટીસ પ્રણવ ત્રિવેદીએ એવી સાગઠીયાની બિન હિસાબી મિલકતોના રીપોર્ટની ટીપ્પણી કરી હતી. આ વ્યકિતએ ઘણા લાભ લીધા છે કઈ રીતે લીધા હોય તે બધા જાણે છે ગુજરાત ઘણી તકો ધરાવતું રાજય છે. અમુક અધિકારીઓના લાભમાં સમગ્ર રાજયને દાવમાં મુકાવાની સ્થિતિ તેઓ ઉભી કરી ન શકે અને એક પછી એક દુર્ઘટનાઓ સર્જાઈ રહી છે. તે ઘણી જ ગંભીર બાબત છે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ફેકટ ફાઈન્ડીંગ કમીટીનાં રીપોર્ટનાં આધારે હાઈકોર્ટે એવુ પુછાણ કર્યુ હતું કે ગેમઝોનને ડીમોલીશનની નોટીસ આપવા છતાં એક વર્ષ સુધી કેમ કાર્યવાહી કરી ન હતી? આ ઉપરાંત 'સીટ'ના રીપોર્ટની પૃચ્છા કરી હતી તેમજ ૨૫ જુલાઈ સુધીમાં એકશન ટેકન રીપોર્ટ હાઈકોર્ટમાં રજુ કરવાનો આદેશ કર્યો હતો.

### માતાજી સામે રાજકોટના શખ્શે અભદ્ર ટીપ્પણી કરી

# બહુચર માતાજી માટે અભદ્ર વાણી વિલાસ કરનાર રાજકોટના શખ્શ સામે ફરિયાદ

## શખ્શે બહુચર માતાજી અંગે સોશિયલ મીડિયામાં આ અંગેની પોસ્ટ કરી હતી અને જે વાયરલ થઈ હતી

રાજકોટ,તા.૬

રાજકોટના શખ્શ દ્વારા એક વિવાદાસ્પદ વાણી વિલાસ બહુચર માતાજીને લઈ કરી હતી. જેને લઈ બહુચર માતાજીના ભક્તોની લાગણી દુભાવાને લઈ આ અંગે મહેસાણા જિલ્લામાં ફરિયાદ નોંધવામાં આવી છે. રાજકોટના શખ્શ મનસુખ રાઠોડ સામે કડી પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે અને તેના વિરુદ્ધ તપાસ શરુ કરવામાં આવી છે.

બહુચર માતાજી સામે રાજકોટના શખ્શે અભદ્ર ટીપ્પણી કરી હતી. બહુચર માતાજીના ભક્તોની લાગણી દુભાવાને લઈ આ અંગે મહેસાણા જિલ્લામાં એક ભક્ત યુવરાજસિંહ સોલંકી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાજકોટના શખ્શ મનસુખ રાઠોડ સામે કડી પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે અને તેના વિરુદ્ધ તપાસ શરુ કરવામાં આવી છે.

શખ્શે બહુચર માતાજી અંગે સોશિયલ મીડિયામાં આ અંગેની પોસ્ટ કરી હતી અને જે વાયરલ થઈ હતી. આ અંગે ફરિયાદી યુવરાજસિંહે મીડિયાને બતાવ્યું હતુ કે, તેઓએ આ અંગે તેમને ટેલીફોનિક વાતચીત કરી હતી. આમ છતાં પણ તે શખ્શે વધારે અશોભનીય રીતના શબ્દો બહુચરાજી માતાજી અને અન્ય માતાજી અંગે વાપરવાને લઈ આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

બહુચરાજીમાં ભક્તોને એકઠા થવા માટે સ્થાનિકોએ આહ્વાન કર્યું છે, આ અંગે બહુચરાજીના સ્થાનિક હર્ષદ પટેલે મીડિયાને જણાવ્યું હતુ. તેઓએ મનસુખ રાઠોડને કડક સજા થાય એવી માંગ કરી છે.

### વિરપુરમાં જીવના જોખમે મુસાફરી કરતાં છાત્રો

# શાળા, કોલેજમાં જવા આવવા માટે બસોની અનિયમિતતાને કારણે વિદ્યાર્થીઓને હાલાકી

## બે શરમ બની બાલાસીનોર ડેપો મેનેજર પોતાની મન માની ચલાવી રહ્યા હોય તેમ વિરપુર વિસ્તારના બસમાં અવર જવર કરી રહેલ વિદ્યાર્થીઓના વાલીઓએ આક્ષેપ કર્યો

વિરપુર,તા.૬

વિરપુરમાં અભ્યાસ અર્થે આવતા અને બહાર કોલેજમા જતા વિદ્યાર્થીઓની ચિંતા નેવે મૂકી બે શરમ બની બાલાસીનોર ડેપો મેનેજર પોતાની મન માની ચલાવી રહ્યા હોય તેમ વિરપુર વિસ્તારના બસમાં અવર જવર કરી રહેલ વિદ્યાર્થીઓના વાલીઓએ આક્ષેપ કર્યો છે. બાલાસિનોર ડેપો દ્વારા ચાલતી બસોની અનિયમિતતા અને રૂટ કેન્સલ કરવાના વહીવટથી વિદ્યાર્થીઓ સહિત અનેક મુસાફરો ત્રાહિમામ પોકારી ગયા છે.

સાથે સાથે લોકોનું કહેવું છે કે, વિરપુરની પ્રજા સાથે અણગમો અને ઓરમાયું વર્તન બાલાસિનોર ડેપોનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વિરપુર ખાતે બસ ડેપો ન હોવાથી બાલાસિનોર ડેપો દ્વારા અપાતા રૂટ ઉપર વિરપુર તાલુકાના વિદ્યાર્થીઓ તેમજ મુસાફરોને મુસાફરી માટે નિર્ભરતા રહેલી છે.

આવા સમયમાં બાલાસિનોરથી વડાગામ જતી બસ રોજીંદી અનિયમિત હોવાની ફરિયાદ હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી. જયારે બાલાસિનોરથી લુણાવાડા અને લુણાવાડાથી ડાકોર આ તમામ રૂટ વાયા વિરપુરના અનિયમિત અને કોઈ નક્કર કારણ વગર કેન્સલ કરવામાં આવી રહ્યા છે. જેને લઈ અવાર નવાર બાળકો મોતની સવારી જેવા રેકડા અને ટેમ્પા કે અન્ય પ્રાઈવેટ વાહનોમા લટકીને જવાનો વારો આવે છે.

વિરપુરના વિધાર્થીઓ સહિત અનેક મુસાફરો અનિયમિત બસ સેવા અને વગર કારણોસર કેન્સલ કરવામાં આવતા હોવાથી વિદ્યાર્થીઓ સાથે અસંખ્ય મુસાફરોને અટવાઈ જવાનો વારો આવે છે અને નિયત સમય સ્કૂલ કોલેજ ઓફીસ કે પરત પોતાના ઘર સુધી પહોંચી શકતા નથી બસની અનિયમિતતાથી સમયની બરબાદી થતાં બાળકોના અભ્યાસ પર માઠી અસર થઈ રહી છે. જેને લઈ વાલીઓ ચિંતમય બન્યા છે. વહેલી તકે તંત્ર દ્વારા આ બાબતની ગંભીરતાને સમજી બસ વ્યવહાર નિયત સમય આવે અને રૂટ કેન્સલ કરવામાં ન આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે.

જો આવનાર સમય મા તંત્ર દ્વારા બસ ના રૂટ રાબેતા મુજબ કરવામાં નહિ આવે તો વાહન વ્યવહાર મંત્રી સુધી રજૂઆત કરવામા આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

### CNGના ભાવમાં આ વધારો IGL દ્વારા કરવામાં આવી રહ્યો છે

# ગુજરાત ગેસે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા એકનો વધારો

## આ વધારો તાત્કાલિક અસરથી અમલમાં આવશે આના પગલે ગુજરાતમાં હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂપિયા ૭૫.૨૬ થઈ ગયો

અમદાવાદ,તા.૬

ગુજરાત ગેસે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ. એકનો વધારો કર્યો છે. આ વધારો તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આના પગલે ગુજરાતમાં હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂ. ૭૫.૨૬ થઈ ગયો છે. સીએનજીના ભાવમાં વધારો થતાં હવે ગુજરાતમાં પીએનજીનો ભાવ વધારો થયો છે.

આ પહેલા દિલ્હીમાં ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL) એ CNGના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧ રૂપિયાનો વધારો કર્યો છે. કિંમતોમાં વધારો દિલ્હી, નોઈડા, ગ્રેટર નોઈડા, ગાઝિયાબાદ, મેરઠ, શામલી, મુઝફ્ફરનગર અને રેવાડીને અસર કરશે. મળતી માહિતી મુજબ, નવી કિંમતો આજે (૨૨ જૂન) સવારે ૬ વાગ્યાથી લાગુ થઈ ગયા છે.

CNGની કિંમત જે અત્યાર સુધી દિલ્હીમાં ૭૪.૦૯ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતો હતો. તે આજથી ૭૫.૦૯ રૂપિયા પ્રતિ કિલો થઈ જશે. આ સિવાય નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં પણ ઝદ્રના ભાવમાં એક રૂપિયાનો વધારો થશે. CNGના ભાવમાં આ વધારો IGL દ્વારા કરવામાં આવી રહ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર અત્યાર સુધી નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં CNG ૭૮.૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ હતું. હવે આજથી તેની કિંમત ૭૯.૭૦ રૂપિયા પ્રતિ કિલો થઈ જશે. જોકે, ગુરુગ્રામમાં CNGની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંતોષથી હંમેશા સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

- પતંજલિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧ કચ્છી હાલારી નૂતન વર્ષ૨૦૮૧ પ્રારંભ, અષાઢી નવરાત્રી પ્રારંભ, સ્વામી વાસુદયાનંદ સરસ્વતિ પૂણ્યતિથિ તા.૬ જુલાઈ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૯, પુનર્વસુ નક્ષત્ર, વ્યાઘાત યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૧૧, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), રત્રે ૧૦:૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
વૃષભ:આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મિથુન:આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટન થાય.આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કન્યા: ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
તુલા: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
વૃશ્ચિક:સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
મકર: પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
મીન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

### ગૌચરની જમીન સરકારી નથી, લોકો તેના માલિક છે

# અદાણીને આપેલી જમીન લોકોને પરત કરવા હાઈકોર્ટનો આદેશ

## ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો

કચ્છ,તા.૬

કચ્છના નાવિનાર ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, ગૌચરની જમીન સરકારની નથી, લોકો તેના માલિક છે, અદાણીને આપેલી જમીન લોકોને પરત આપો. કચ્છના નાવિનાર ગામની ગૌચરની જમીન સરકાર દ્વારા અન્ય હેતુ માટે આપવાના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે, ગૌચરની જમીન સરકારની નથી, લોકો તેના માલિક છે, અદાણીને આપેલી જમીન લોકોને પરત આપો. રાજ્ય સરકારે ૨૩૧ એકર જમીન SEZ પાસેથી પરત લેવા કોર્ટ સમક્ષ કર્યો ઠરાવ. ગૌચરની જમીન તમે કેવી રીતે અન્ય હેતુ માટે આપી શકો, ગૌચરની જમીન આપો તો સામે વૈકલ્પિક ગૌચરની જમીન હોવી જોઈએ તેવું કોર્ટે કર્યું હતું અવલોકન.

રાજ્ય સરકારે ૬-૭ કિ.મી. દૂર વૈકલ્પિક ગૌચરની જમીન આપવાનું કહેતા હાઈકોર્ટે સરકારની કાઢી હતી ઝાટકણી. પશુપાલકો ચાલીને ૬-૭ કિમી પશુઓને લઈને ત્યાં જશે ? SEZ દ્વારા અરજીનો વિરોધ કરતા કોર્ટે કહ્યું કે, તમે સરકારનાં ઠરાવને અલગથી પડકારી શકો છો. મુંદ્રા તાલુકામાં મુંદ્રા પોર્ટ અને SEZ માટે ગામની ગૌચરની જમીન લઈને તેમને આપવામાં આવેલી વૈકલ્પિક જમીન સામે હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી.

### ૨ બાળકોના મોતની ઘટના સામે આવી

# ભાવનગરની બ્લોક બનાવતી ફેકટરીમાં સુરક્ષાના અભાવે બે બાળકો મોતને ભેટ્યા

## ફેકટરીમાં મશીન ચાલુ કરતા પહેલા કરંટ આવ્યો હતો જેના કારણે મશીનમાં આવી જતા બન્ને બાળકોના મોત થયા હતા

ભાવનગર,તા.૬

ભાવનગરમાં મિક્સરમાં આવી જતા બે બાળકોના મોત નીપજ્યાછે જી હાપ આપને જણાવી દઈએ આ ઘટના ભાવનગર જિલ્લાના આંબલા ગામે બની છે જ્યાં ૨ બાળકોના મોત સામે આવ્યા છે. ભાવનગરમાં મિક્સરમાં આવી જતા બે બાળકોના મોત નીપજ્યા છે જી હાપ આ ઘટના ભાવનગર જિલ્લાના આંબલા ગામે બની છે જ્યાં ૨ બાળકોના મોત સામે આવ્યા છે. માહિતી અનુસાર ફેકટરીમાં મશીન ચાલુ કરતા પહેલા કરંટ આવ્યો હતો જેના કારણે મશીનમાં આવી જતા બન્ને બાળકોના મોત થયા હતા. જેમાં નિલેશભાઈ ભાગોરના બે પુત્રો રાજવીર ઉ.૪ તેમજ બીજા પુત્ર જયવીરની ઉ.૧.૫ છે,મોત થયા છે. માહિતી અનુસાર બાળકો ફેકટરીમાં બાળકે મશીનની સ્વીચ ચાલુ કરી નાખતા બે બાળકનો શોર્ટ લાગ્યો હતો અને ત્યારબાદ મશીનમાં આવી જતા ભાઈના મોત થયા છે.

### અનંત-રાધિકાના લગ્નમાં અનેક મોટી હસ્તિઓ હાજરી આપશે

કરીના, કરણ જોહર, જાન્હવી કપૂર, કરિશ્મા કપૂર, સારા અલી ખાન, શાહરૂખ, સલમાન ખાન હાજરી આપશે

### કોંગ્રેસ કાર્યાલય ખાતે સંઘર્ષ મુદ્દે પોલીસ ફરિયાદ ન લેવાતા રાહુલ ગાંધીને અપાયું આમંત્રણ

# ભાજપ-કોંગ્રેસના સંઘર્ષ મામલે કોંગી નેતા રાહુલ ગાંધી ગુજરાત આવી શકે : ...તો આક્રમક વિરોધ પ્રદર્શન




અમદાવાદ, તા.૬

અમદાવાદમાં કોંગ્રેસ ભવન ઉપર થયેલા હુમલા મામલે ગુજરાત કોંગ્રેસ આક્રમક મૂડમાં છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુજરાત આવી શકે છે. કોંગ્રેસની પોલીસે ફરિયાદ ન લેતા રાહુલ ગાંધી ગુજરાત આવશે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે રાહુલ ગાંધીને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું છે. રાહુલ ગાંધી ગુજરાત આવે તેવી શક્યતા છે.

શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, શાસક પક્ષના રવાડે અધિકારીઓ ન ચડે. તેવો તેમણે અમદાવાદ પોલીસને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસની FIR કેમ લેવાતી નથી, પોલીસ લખીને આપે. શક્તિસિહ ગોહિલે ૬ જુલાઈએ કોંગ્રેસના કાર્યકર્તાઓને એકઠા થવાનું આહ્‌વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો છ જુલાઈએ કોંગ્રેસ આક્રમક વિરોધ પ્રદર્શન કરશે. તેમણે કહ્યું હતું કે, ભાજપે કોંગ્રેસ ઓફિસમાં હુમલો કર્યો હતો. હુમલો કરીને ભાજપે ગુજરાતની અસ્મિતાનું હનન કર્યુ છે. કોંગ્રેસ કાર્યાલયને સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો. શક્તિસિંહ ગોહિલે પોલીસની કામગીરી ઉપર સવાલ ઊઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, પથ્થરબાજી કરવાના ભાજપના ગ્રુપમાં મેસેજ ફરતા કર્યા હતા. કોંગ્રેસે અમદાવાદ પોલીસને જાણ કરી હતી.

આત્મસુરક્ષા એ કાયદાએ આપેલ અધિકાર છે. ભાજપ કાર્યકરોના હાથમાં હોકી અને તીક્ષ્ણ હથિયાર હતા. પોલીસ એ જનતાની સેવક છે. ભાજપના ગુંડાઓએ હુમલો કર્યો હતો. પોલીસે અમારી ફરિયાદ લીધી નથી. પોલીસે ફરિયાદમાં કેમ ભાજપ નેતાનું નામ લખ્યું નથી. ભાજપ અને અમદાવાદ પોલીસની મિલિભગત છે. શક્તિસિંહ ગોહિલે અપીલ કરી હતી કે, આવા પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ટૂંક સમયમાં ગુજરાત મોરચે સક્રિય થશે. લોકસભામાં વિપક્ષના નેતા તરીકે બોલતા રાહુલ ગાંધીએ ભાજપને ગુજરાતમાં તેમને

**ભાજપ તથા પોલીસ ઉપર શક્તિસિંહના પ્રહારો : સૌ કાર્યકરોને ભેગા થવા આહ્‌વાન**

હરાવવાનો પડકાર ફેંક્યો હતો. હવે રાહુલ ગાંધી ગુજરાતમાં સક્રિય થવાના સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં હિંદુ નિવેદનોને લઈને કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ઝઘડો છે ત્યારે રાહુલ ગાંધી પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવી શકે છે. તેવો સંકેત પક્ષના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આપ્યો છે. ગોહિલે કહ્યું કે, રાહુલ ગાંધી ટૂંક સમયમાં રાજ્યની મુલાકાતે આવી એવા કાર્યકરોને મળશે જેઓ ભાજપના આક્રમણ દરમ્યાન બબ્બર શેરની આગેવાનીમાં લડ્યા હતા. ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ કાર્યાલયની બહાર થયેલી અથડામણના કેસમાં પોલીસે એકતરફી કાર્યવાહી કરી છે. ગોહિલે સમગ્ર રાજ્યના કાર્યકરોને ૬ જુલાઈના રોજ અમદાવાદ આવવા અપીલ કરી છે. એવી શક્યતા છે કે, જો અમદાવાદ પોલીસ ભાજપના કાર્યકરો સામે કાર્યવાહી નહીં કરે તો રાહુલ ગાંધીની આગેવાનીમાં ૬ જુલાઈના રોજ અમદાવાદમાં આક્રમક વિરોધ પ્રદર્શન કરાશે.

લોકસભાની ચૂંટણી દરમ્યાન રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાત લીધી ન હતી. પ્રિયંકા ગાંધીએ માત્ર વલસાડ અને બનાસકાંઠામાં જ સભાઓ કરી હતી. ગોહિલના નિવેદનને રાજકીય વર્તુળોમાં ભારે તૈયારી સાથે જોડવામાં આવી રહી છે. રાજ્યમાં પંચાયતની ચૂંટણી પહેલાં રાહુલ ગાંધી સંપૂર્ણ રીતે સક્રિય થઈ શકે તેવી શક્યતાઓ છે. આ સાથે રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીના સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો પણ શરૂ થઈ શકે છે. કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે, આગામી દિવસોમાં રાજ્યમાં બે વિધાનસભા બેઠકો ઉપર પેટાચૂંટણી યોજાવાની છે. બંને બેઠકો ઉપર પાર્ટી મજબૂતીથી લડશે. પાર્ટી ઈન્ડિયા એલાયન્સ હેઠળ માણાવદર બેઠક આમ આદમી પાર્ટી માટે છોડી શકે છે. એવી પણ ચર્ચા છે કે, રાહુલ ગાંધી તેમના પ્રવાસ દરમ્યાન રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના પીડિતોને મળવા પણ જઈ શકે છે. રાહુલ ગાંધી તેમના પ્રવાસ દરમ્યાન મોરબી બ્રિજ અકસ્માત અને વડોદરા હરણી બોટ દુર્ઘટનાના પીડિતોની મુલાકાત પણ લઈ શકે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પીડિતોને ન્યાય અપાવવા માટે એક મોટા એક્શન પ્લાન ઉપર કામ કરી રહી છે. આગામી દિવસોમાં આ અંગેની જાહેરાત થઈ શકે. ટીમ રાહુલ ગાંધીનો હિસ્સો જિગ્નેશ મેવાણી રાજકોટમાં સક્રિય છે.

### રાજીવ ગાંધી ભવન ખાતે તોડફોડની ઘટના

# કોંગ્રેસે ૧૦ તો ભાજપે ૨૫૦ લોકો સામે ફરિયાદ નોંધાવી

**કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્યએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી : કોંગ્રેસ કાર્યાલય ખાતેના સીસીટીવીમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું**

અમદાવાદ તા.૬

સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નિવેદન મુદ્દે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ દ્વારા બે દિવસ પહેલા મોડી રાત્રે કોંગ્રેસના કાર્યાલય ખાતે તોડફોડ અને કાળી શાહી નાખવાની ઘટના બની હતી. ત્યારબાદ બીજા દિવસે બપોર બાદ પથ્થરમારોની ઘટના બની હતી. ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી. હવે કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં બજરંગ દળના જવલિત મહેતા અને પૂર્વ કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ સહિતના ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ જુલાઈએ સંસદમાં નિવેદન આપ્યા બાદ ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં મોડી રાત્રે બજરંગ દળના નેતા જવલિત મહેતા, પૂર્વ કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ, ચિંતન લોધા સહિત અજાણ્યા ૮થી ૧૦ લોકો કાર્યાલયમાં ઘૂસી ગયા હતા. સિક્યુરિટી ગાર્ડને ધાક ધમકી આપી કાર્યાલયમાં રહેલા ઝંડા બેનરો અને રાહુલ ગાંધીના પોસ્ટરોને નુકસાન કર્યું હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. રાહુલ ગાંધીના ફોટા ઉપર કાળો સ્પ્રે છાંટ્યો અને બેનરો ફાડી ધમાલ મચાવી હતી. આ બનાવ અંગે ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે જણાવ્યું હતું કે, ભાજપના કોઈ કાર્યકરે આવી પ્રવૃત્તિ કરી હોય એવું ધ્યાને આવ્યું નથી. જો કે, કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બે દિવસ બાદ કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે દિવસે ઘટના બની તે જ દિવસે સવારે કોંગ્રેસ પક્ષ દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે જઈ ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી. આ ઘટના મામલે ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે, ત્યારે હવે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આ મામલે ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે.

# ‘મેક ઈન ઈન્ડિયા વૈશ્વિક વૃદ્ધિને વેગ આપી શકે છે’

નવી દિલ્હી, તા.૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે ‘મેક ઈન ઈન્ડિયા’ પહેલ વૈશ્વિક વૃદ્ધિના એન્જિનને જોડી શકે છે અને વૈશ્વિક અર્થતંત્રને લોકશાહી બનાવવામાં મદદ કરી શકે છે. વિદેશ મંત્રી એસ જયશંકર SCO સમિટમાં ભાગ લેવા માટે કઝાકિસ્તાનની રાજધાની અસ્તાના પહોંચી ગયા છે. અહીં તેમણે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના વડાઓની બેઠકમાં PM મોદીની ટિપ્પણી વાંચી સંભળાવી.PM મોદીએ SCO સભ્યોને કહ્યું કે, ‘સીમા પારના આતંકવાદ અને આતંકવાદી ભંડોળ અને ભરતીનો અસરકારક રીતે સામનો કરવા સામે નિર્ણાયક પ્રતિભાવની જરૂર છે. તેમણે કહ્યું કે ભારત ક્ષમતા નિર્માણમાં અન્ય લોકો સાથે ભાગીદારી કરવા તૈયાર છે, ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશો સાથે.વડા પ્રધાને કહ્યું કે નવી કનેક્ટિવિટી લિંકેજ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરતી હોવી જોઈએ. “આતંકવાદનો ઉપયોગ દેશો દ્વારા અસ્થિરતાના સાધન તરીકે કરવામાં આવી રહ્યો છે,” તેમણે SCO સમિટમાં વિદેશ મંત્રી જયશંકર દ્વારા વાંચવામાં આવેલી પીએમ મોદીની ટિપ્પણીમાં કહ્યું.પીએમ મોદીએ તેમની ટીપ્પણીમાં પુનરોચ્ચાર કર્યો કે આતંકવાદ સામે લડવાને સ્વાભાવિક રીતે જ પ્રાથમિકતા આપવી જોઈએ.

### કોઈએ ધ્યાન ન આપ્યું

# ‘મોટી દુર્ઘટના શક્ય છે’, સમિતિના સભ્યએ એક દિવસ પહેલા જ ચેતવણી આપી હતી

**હાથરસ નાસભાગની ઘટનામાં પોલીસે આયોજક સમિતિ સાથે સંકળાયેલા ૬ લોકોની ધરપકડ કરી છે**

નવી દિલ્હી, તા.૬

હાથરસ નાસભાગની ઘટનામાં પોલીસે આયોજક સમિતિ સાથે સંકળાયેલા ૬ લોકોની ધરપકડ કરી છે. પોલીસે મુખ્ય આયોજક દેવ પ્રકાશ મધુકર પર ૧ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું છે. કમિટીના એક સભ્યએ જણાવ્યું હતું કે ઘટનાના એક દિવસ પહેલા મધુકર અને સ્થાનિક પોલીસને સંભવિત ગેરવહીવટ અંગે ચેતવણી આપવામાં આવી હતી. સમિતિના સભ્યોમાંના એક પપ્પુ યાદવને માર્ગ સેવાની જવાબદારી સોંપવામાં આવી હતી. અકસ્માતના એક દિવસ પહેલા, પપ્પુ યાદવે મુખ્ય આયોજક દેવ પ્રકાશ મધુકર અને સ્થાનિક પોલીસને યોગ્ય પાર્કિંગ સુવિધાના અભાવે ગેરવહીવટ અંગે ચેતવણી આપી હતી.પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે રોડ વાહનોથી ભરચક હતો જેના કારણે બહાર નીકળવાનો રસ્તો સાંકડો હતો જે અકસ્માતનું કારણ બન્યું હતું. આજતક સાથે વાત કરતા પપ્પુ યાદવે કહ્યું, ‘મેં રોડ સર્વિસ કરવાનો ઈનકાર કર્યો કારણ કે તેમની પાસે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હતી અને ઘણા વાહનોના આવવાને કારણે આ અરાજકતા સર્જાઈ હતી.’તેણે કહ્યું, ‘ઘટનાના એક દિવસ પહેલા જ્યારે હું પરિસ્થિતિનો તાગ મેળવવા ગયો ત્યારે મને સમસ્યાનો અહેસાસ થયો. મેં દેવ પ્રકાશ મધુકરને કહ્યું પણ તેણે કંઈ કર્યું નહીં. મેં સ્થાનિક પોલીસને રસ્તો બ્લોક કરવા પણ કહ્યું. પરંતુ તેણે તેના પર ધ્યાન ન આપ્યું.પપ્પુ યાદવનું કહેવું છે કે તેણે પોતાની ફરજ બદલી હતી કારણ કે તે જાણતો હતો કે ગેરવહીવટ થશે. તેમનું કહેવું છે કે જે સમિતિના સભ્યો છુપાઈ રહ્યા છે તેમણે આવું ન કરવું જોઈએ. તેણે મીડિયા કે પોલીસ સમક્ષ આવવું જોઈએ.તેમણે કહ્યું કે આવો હંગામો પહેલીવાર નથી થયો. આવી જ ઘટના ગુરુ પૂર્ણિમાના દિવસે અલીગઢમાં નારાયણ સાકર હરિના સત્સંગ દરમિયાન બની હતી. મહિલાઓ પડી ગઈ હતી, પરંતુ નોકરોએ તેમને મદદ કરી હતી અને અકસ્માત ટળી ગયો હતો. પરંતુ આ વખતે કોઈ નોકર બચાવવા આવ્યો ન હતો. પપ્પુ યાદવે કહ્યું, ‘આ વખતે તેને બચાવ્યો ન હતો, આ વખતે તેની હત્યા કરવામાં આવી હતી.’

### પતિની સામે જ અપહરણ, પછી હત્યા...

# પ્રેમ લગ્નથી નારાજ પરિવારજનોએ પુત્રીની હત્યા કરી સળગાવી દીધી

**ઝાલાવાડ જિલ્લાના જવર પોલીસ સ્ટેશન વિસ્તારના શૌરતી ગામમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે**

ઝાલાવાડ, તા.૬

ઝાલાવાડ જિલ્લાના જવર પોલીસ સ્ટેશન વિસ્તારના શૌરતી ગામમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં પ્રેમ લગ્નના કારણે એક મહિલાનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ કેસમાં આરોપીઓ મહિલાના પરિવારના સભ્યો છે. પોલીસ હત્યા કેસની તપાસ કરી રહી છે.મળતી માહિતી મુજબ, ઝાલાવાડ જિલ્લાના જવર પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી શિમલા કુશવાહાએ એક વર્ષ પહેલા ગામના રવિ ભેલ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લવ મેરેજને કારણે મહિલા શિમલાના પરિવારજનો બંનેની વિરુદ્ધ થઈ ગયા હતા, જેના કારણે મહિલા શિમલા કુશવાહા અને તેનો પતિ રવિ ભીલ ઝાલાવાડ જિલ્લાથી દૂર બારા જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ રહેવા લાગ્યા હતા. આ દિવસોમાં આ કપલ મધ્યપ્રદેશમાં ક્યાંક રહેતું હતું. ગુરુવારે બંને બારા જિલ્લાના હરણાવડા શાહજીની બેંકમાંથી પૈસા ઉપાડવા ગયા હતા, જેની માહિતી મહિલાના પરિવારજનોને મળી હતી.મહિલાના પરિવારના સભ્યો તેને તેના પતિની સામે જબરદસ્તીથી લઈ ગયા હતા. પતિ રવિએ સ્થળ પરથી ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. આરોપ છે કે મહિલાની હત્યા તેના પરિવારજનોએ કરી હતી. આરોપ છે કે પરિવારના સભ્યો મહિલાના મૃતદેહને લઈને જાવર પહોંચ્યા અને સ્મશાનમાં મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવા લાગ્યા. બીજી તરફ પતિએ હરણાવડા શાહજી પોલીસ સ્ટેશનમાં બનાવની ફરિયાદ નોંધાવી હતી. હરણાવડા શાહજી પોલીસની જાણ થતાં જવર પોલીસ સ્મશાનગૃહમાં પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં મૃતકનું શરીર ૮૦ ટકાથી વધુ બળી ગયું હતું. મહિલાની હત્યા અને લાશને સળગાવવાના સમાચાર મળતાં ઝાલાવાડ અને બારા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો.ઝાલાવાડના પોલીસ અધિક્ષક રિચા તોમર અને બારાના પોલીસ અધિક્ષક રાજકુમાર ચૌધરી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અહીં આરોપી પરિવારના સભ્યો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. દરમ્યાન સીસીટીવી ફૂટેજ પણ આવી ગયા છે. મહિલાના પરિવારના સભ્યો મહિલાનું અપહરણ કરતા જોવા મળે છે. પોલીસે મહિલાની અડધી બળી ગયેલી લાશ મેળવી લીધી છે, જેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે

# રાજકોટ અગ્નિકાંડ મુદ્દે અધિકારીઓને જવાબદાર ઠેરવતો અહેવાલ હાઈકોર્ટમાં રજુ કરવામાં આવ્યો

**સાગઠિયાના મુદ્દે કોર્ટે કહ્યું - આવા ભ્રષ્ટ અધિકારીઓન આધારે સિસ્ટમ ચાલી શકે નહી; મનપા કમિશનરની જવાબદારી બને છે કે તેઓ સખત કાર્યવાહી કરે : શાળાઓ બંધ કરવી એ ઉપાય નથી, તમે કાયદા અને નિયમોનું પાલન કરાવો : હાઈકોર્ટ**

અમદાવાદ, તા.૬

રાજકોટ ગેમિંગ ઝોનમાં આગની ઘટનામાં થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી થઈ હતી જેમાં રાજ્ય સરકાર દ્વારા સત્યશોધક સમિતિનો અહેવાલ સિલ કવરમાં મૂકાયો અને તેની નોંધ લઈને હાઈકોર્ટ પોતાનો આદેશ કરશે એમ જણાવીને વધુ સુનાવણી આગામી તા. ૨૫ જુલાઈના રોજ હાથ મુકરર રાખી હતી.

સરકાર દ્વારા સીલબંધ કવરમાં અહેવાલ રજૂ કરતી વખતે જણાવાયું હતું કે, ત્રણ સિનિયર સનદી અધિકારીઓ પી.સ્વરૂપ, રાજકુમાર બેનીવાલ અને શ્રીમતીર મનીષા ચંદ્રા એમ ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિ રચાઈ છે અને તેના દ્વારા સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ કરી તેનો ફાઈનલ રિપોર્ટ તા.૩જી જૂલાઈએ રજૂ કરાયો છે. જેમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટના, ફાયર ડિપાર્ટમેન્ટના અને પોલીસ તંત્રના કેટલાક અધિકારીઓ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. સમિતિ દ્વારા કેટલાક મહત્ત્વના સૂચનો પણ કરવામાં આવ્યા હતા. વધુમાં,સમિતિ હાઈકોર્ટના નિર્દેશાનુસાર, ખૂબ ગંભીરતાપૂર્વક અને બારીકાઈપૂર્વક તપાસ ચલાવી રહી છે અને સમગ્ર પ્રકરણમાં જે કોઈ દોષિત કે કસૂરવાર હશે તેને બક્ષવામાં આવશે નહી. સરકાર તરફથી જે અધિકારીઓએ આ મામલામાં ફરજમાં બેદરકારી કે નિષ્કાળજી દાખવી છે, તેઓની સામે કડકમાં કડક પગલાં લેવાની હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી હતી. વધુમાં રાજ્યમાં આનંદ મેળા અને ગેમિંગ ઝોનનાં સંચાલકો દ્વારા કરાયેલી અરજીમાં હાઈકોર્ટે વધુ એક વાર રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ તેઓના કામ કાજ બંધ કરી દેવાતા તેમના દ્વારા અરજી કરાઈ હતી. તેઓએ રજૂઆત કરી હતી કે તમામ મંજૂરી મેળવી હોવાથી કામકાજ શરૂ કરવા દેવા જોઈએ. જોકે તેઓને કોઈ રાહત અપાઈ નહોતી. ઉલ્લેખનીય છે કે કેસની સુનાવણી દરમ્યાન રાજકોટ મનપાના ભ્રષ્ટાચારી ટાઉન પ્લાનર મનસુખ સાગઠિયાનો મુદ્દો પણ ચર્ચાયો હતો. અદાલતે ટકોર કરી હતી કે, આવા ભ્રષ્ટ અધિકારીઓના આધારે સિસ્ટમ ચાલી શકે નહી. ખરેખર, મ્યુનિસિપલ કમિશનરની જવાબદારી બને છે કે તેઓ સખત કાર્યવાહી કરે. બીજી બાજુ ચીફ રાજયની શાળાઓમાં ફાયર સેફ્ટી સુવિધા મુદ્દે ચાલેલી ચર્ચા દરમ્યાન સરકાર અને સત્તાવાળાઓને અદાલતે જણાવ્યું હતું કે, શાળાઓ બંધ કરવી એ ઉપાય નથી પરંતુ તમે કાયદા અને નોર્મ્સનું ભારે ચુસ્તતાપૂર્વક અને અસરકારક રીતે પાલન કરાવો. હાઈકોર્ટે શાળાઓમાં ફાયર સેફ્ટી અંગેનો રિપોર્ટ પણ તા.૨૫ જૂલાઈ સુધીમાં માંગ્યો હતો. કેસની




વિગતો મુજબ રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડ કેસની સુઓમોટો પીઆઈએલ અને એડવોકેટ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં રાજય સરકાર દ્વારા ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિનો ફેક્ટ ફાઈન્ડીંગ રિપોર્ટ સીલબંધ કવરમાં ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. તેની સુનાવણી દરમ્યાન અદાલતે સરકારને સીધો સવાલ કર્યો હતો કે, સીટનો રિપોર્ટ કયાં છે એમ કહી સરકારને આગામી મુદતે સીટનો રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે ફરી એકવાર રાજય સરકાર અને સત્તાવાળાઓને જણાવ્યું હતું કે, અમુક લોકો સામે પગલાં લેવાય અને પછી ઠેરની ઠેર સ્થિતિ થઈ જાય છે તેવું આ વખતે ના થવું જોઈએ. ચેક એન્ડ બેલેન્સની સિસ્ટમ હોવી જોઈએ. કેટલાક લોકો સામે પગલાં લઈ પછી શાંતિ રાખવાની તેવું ના થવું જોઈએ. સમગ્ર મામલામાં જે કોઈ કસૂરવાર કે જવાબદાર હોય તેની સામે કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના આકરી કાર્યવાહી કરવાની રહેશે.

# હાથરસ કોઈ ષડ્યંત્ર નથી, તેને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે : અખિલેશ યાદવ

નવી દિલ્હી, તા.૬

હાથરસ નાસભાગને ષડ્યંત્ર તરીકે ગણવા બદલ રાજ્ય સરકારની નિંદા કરતા અખિલેશ યાદવે યોગી આદિત્યનાથને ચેતવણી આપી હતી કે, તે દુઃખદ ઘટના માટે તેની જવાબદારીથી ભાગી શકે નહીં. એક નિવેદનમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષે કહ્યું, ‘હાથરસ કોઈ ષડ્યંત્ર નથી પરંતુ તેને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.’ ધાર્મિક કાર્યક્રમમાં નાસભાગમાં મોટી સંખ્યામાં ગરીબ મહિલાઓ અને બાળકોએ જીવ ગુમાવ્યા તે અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું, ‘જ્યારે આ કાર્યક્રમ તેના પ્રકારનો પ્રથમ નથી, તે દુર્ઘટના છે. રાજ્યમાં આવા કાર્યક્રમો થતાં રહે છે. આવી દુર્ઘટનાઓને રોકવાની જવાબદારી વહીવટીતંત્રની છે.’ તેમણે ધ્યાન દોર્યું કે આયોજકોને પણ તેમના કાર્યક્રમમાં હાજરી આપવા માટે આટલી મોટી સંખ્યામાં લોકો આવવા વિશે કોઈ સંકેત ન હતા. વહીવટીતંત્રે પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે પગલાં લેવા જોઈએ. અખિલેશ યાદવે સત્સંગ કાર્યક્રમ યોજનાર ભગવાન ભોલે બાબા સાથેના તેમના વાયરલ ફોટાનો ઉલ્લેખ કરતા કહ્યું, ‘આવી આપત્તિ પછી દોષની રમત કોઈ હેતુને પૂર્ણ કરશે નહીં.

### જૂનાગઢ કોર્ટનો ચૂકાદો

# ચેક રિટર્નના કેસમાં આરોપીને ૬ માસની સજા

જૂનાગઢ તા. ૬

છાસવારે ચેક આપી દેવા અને મુલ્તવી રાખવા અથવા હપ્તાઓથી ચુકવણું કરવા ચેકો આપતા અને ચેક બેંક સમક્ષ રજુ થાય ત્યારે બેંક ખાતામાં પુરતું બેલેન્સ ન રાખી બીન્દાસ્ત ફરતા આવા ઈસમો વિરૂધ્ધ જયારે કોર્ટમાં ફરીયાદો થાય ત્યારે, કોર્ટ ફરીયાદીના કાનુની વસુલાતપાત્ર લેણાં પેટે આપેલા ચેકો રિટર્ન થતા આરોપી પ્રત્યે કોર્ટે લાલ આંખ કરેલ છે.

જૂનાગઢની કોર્ટમાં શ્રી સોરઠ નાગરીક શરાફી સહકારી મંડળી લી., જૂનાગઢના લીગલ ઓફીસર યોગેશભાઈ ભનુભાઈ કંસારાએ ચડતા હપ્તાઓના ચુકવણા માટે ફરીયાદી મંડળીને આપેલ ચેક પરત થતા જૂનાગઢના જોશીપરા વિસ્તારમાં રહેતા હરેશભાઈ દામજીભાઈ કોરાટ વિરૂધ્ધ ચેક રિટર્નની ફરીયાદ દાખલ કરેલી. જેની કાનુની કાર્યવાહી કોર્ટમાં ચાલતા જૂનાગઢના પાંચમાં અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વી. એસ. ઝાલા દ્વારા આરોપી હરેશભાઈ દામજીભાઈ કોરાટને ચેક રિટર્નના કેસમાં કુલ ૫ (પાંચ) માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ ફરીયાદી મંડળીને ચુકવવાનો હુકમ કરેલ છે. આરોપી ચુકાદા સમયે હાજર રહેલ ન હોય, જીલ્લા પોલીસ અધિકારીને પકડ વોરંટ બજાવવા મોકલેલ છે. જેમાં દર માસની પહેલી તારીખે આ વોરન્ટની બજવણી અર્થે શું પગલા લીધા તેની જાણકારી આપવાનો આદેશ આપેલ છે. તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ -૪૨૧ મુજબ ફરીયાદીને વળતરની રકમ જમીન મહેસુલની રકમ તરીકે વસુલ કરવા જૂનાગઢ કલેકટરને આદેશ આપેલ છે. આમ આરોપી વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી ઉપરોક્ત સખત પગલા લેવા આદેશ આપતા, હુકમની બજવણી ટાળતા આરોપીઓમાં આ ચકચારી ચુકાદાથી ખળભળાટ મચેલ છે. આ કેસમાં ફરીયાદી મંડળી વતી જૂનાગઢના એડવોકેટ ઉદય ડી. રૂપારેલીયા, પંકજ આર. ગેવરીયા તથા નોટરી ડી. ડી. રૂપારેલીયા રોકાયેલ હતા.

### સ્ટોક લિમિટ લાગુ કરવાની તૈયારી

# આગામી દિવસોમાં દેશભરમાં ડુંગળીનું સંકટ સર્જાઈ શકે છે

## આનો સામનો કરવા માટે કેન્દ્ર સરકાર પહેલેથી જ સતર્ક થઈ ગઈ છે અને ડુંગળીના સંગ્રહની મર્યાદા નક્કી કરી શકે છે



નવી દિલ્હી, તા.૬

કમોસમી વરસાદની અસરને કારણે આગામી દિવસોમાં દેશભરમાં ડુંગળીનું સંકટ સર્જાઈ શકે છે. આનો સામનો કરવા માટે કેન્દ્ર સરકાર પહેલેથી જ સતર્ક થઈ ગઈ છે અને ડુંગળીના સંગ્રહની મર્યાદા નક્કી કરી શકે છે.

મામલા સાથે જોડાયેલા એક અધિકારીએ ટૂંક સમયમાં મોટો નિર્ણય જાહેર થઈ શકે છે તેવી જાણકારી આપી છે. અધિકારીએ જણાવ્યું કે આ વર્ષે સારો પાક થયો હોવા છતાં દેશના મુખ્ય બજારોમાં દરરોજ ડુંગળીની ઓછી ટ્રકો આવી રહી છે. મહારાષ્ટ્રના નાસિકમાં ડુંગળીના હબમાંથી પુરવઠો સામાન્ય કરતાં ઓછો રહ્યો છે. આ કદાચ એટલા માટે છે કારણ કે દર વર્ષની જેમ સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમિયાન ખેડૂતો ઊંચા ભાવની અપેક્ષાએ સ્ટોક રાખતા હોય છે.

આનાથી આશંકા વધી છે કે આગામી સપ્તાહો અને મહિનામાં કિંમતો આસમાને પહોંચી શકે છે. જો કે અત્યારે સ્થિતિ ચિંતાજનક નથી પરંતુ સરકાર કોઈ જોખમ લેવા માંગતી નથી. જો ડુંગળીના પુરવઠામાં સુધારો નહીં થાય તો સરકાર વેપારીઓને તેમનો સ્ટોક જાહેર કરવા કહી શકે છે. જો આ પગલું નિષ્ફળ જશે તો સ્ટોક લિમિટ લાદવામાં આવશે.

નોંધનીય છે કે ઉત્તર ભારતમાં વેચાતી મોટાભાગની ડુંગળી નાશિક, પુણે અને અહેમદનગરના બજારોમાંથી આવે છે. નિષ્ણાતો કહે છે કે જો સપ્લાય ઓછો રહેશે તો ભાવ વધુ વધી શકે છે. આને ધ્યાનમાં રાખીને, સરકાર આવું ન થાય તે માટે ઇચ્છે છે, કારણ કે આ વર્ષે ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ડુંગળીના ઊંચા ભાવ તેમને અસર કરી શકે છે. છેલ્લા ૧૫ દિવસમાં ડુંગળીના સરેરાશ ભાવમાં ૩૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. ઉપભોક્તા બાબતોના મંત્રાલયના ડેટા અનુસાર, બુધવારે ડુંગળીનો અખિલ ભારતીય સરેરાશ છૂટક ભાવ ?૪૩.૪ પ્રતિ કિલો હતો જે એક વર્ષ અગાઉ કરતાં ૬૯.૫% વધુ હતો. દેશમાં વરસાદની સિઝન શરૂ થતાની સાથે જ શાકભાજીના ભાવમાં ભારે વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં ટામેટાના ભાવમાં ૬૫.૭૦ ટકા, ડુંગળીના ભાવમાં ૩૫.૩૬ ટકા અને બટાકાના ભાવમાં ૧૭.૫૭ ટકાનો વધારો થયો છે. ઉપભોક્તા મંત્રાલયની વેબસાઈટ મુજબ ચોમાસાથી પ્રભાવિત શહેરોમાં ટામેટાંની છૂટક કિંમત ૧૦૦ રૂપિયાને વટાવી ગઈ છે. ઘણા શહેરોમાં તેની મહત્તમ કિંમત ૧૩૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. એ જ રીતે બટાટા અને ડુંગળીના ભાવ પણ ૮૦-૯૦ રૂપિયાની આસપાસ રહ્યા છે. જો કે કેન્દ્ર સરકારનો દાવો છે કે આ સ્થિતિ થોડા દિવસો જ રહેશે. શાકભાજીના ભાવ ટૂંક સમયમાં નીચે આવશે.

# સ્વ.મનસુખભાઈ સાવલીયાને શ્રધ્ધાંજલી અર્પણ કરતા શશીકાંત દવે

જૂનાગઢ તા. ૬

સ્વ.મનસુખભાઈ સાવલીયાને શ્રધ્ધાંજલી અર્પણ કરતા જૂનાગઢના અગ્રણી શશીકાંતભાઈ દવે જણાવે છે કે, ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠીત સંસ્કૃત / ગુજરાતી ભાષાના લેખક/સર્જક મનસુખભાઈ સાવલીયાનો દેહ વિલય થતા ગુજરાતને વધુ એક સંસ્કૃત / ગુજરાતી ભાષાનો પ્રકાંડ પંડીત ગુમાવ્યો છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતી આપે. મનસુખભાઈ અભ્યાસમાં તેજસ્વી હતા. તેઓ વ્યવસાયે માધ્યમીક શાળાના પ્રિન્સીપાલ પદે જ રહી સંસ્કૃત / ગુજરાતી ભાષાની દેણગી અનેક શિક્ષાર્થીઓને આપતા ગયા છે.

મને મનસુખભાઈ સાવલીયાના અંગત પરિચયમાં આવવાનો અવસર ત્યારે મળ્યો કે, જયારે જોષીપરા જૂનાગઢમાં આવેલી લેઉવા પટેલ કન્યા મહાવિદ્યાલયને S.N.D.T. વિમેન્સ યુનીવર્સિટી, મુંબઈ સાથે એફીલીએશનનાં શૈક્ષણીક કામમાં જે તે વખતના ગુજરાતના શિક્ષણમંત્રી હસમુખભાઈ પટેલ સાથેના મારા રાજકીય સબંધથી ગુજરાત સરકારની સહમતી મેળવવી સરળ થઈ હતી. આ શુભ કામમાં મનસુખભાઈ જોષી (પૂર્વ શ્રમ મંત્રી, પૂર્વ મેયર રાજકોટ) તથા ફુલછાબ અખબારના સંવાદાતા સ્વશ્રી ચંન્દ્રકાંત શુકલ પણ સહભાગી થયેલા અને ત્રણેયનું ટ્રસ્ટ દ્વારા અભિવાદન કરાયું હતું.

સૌરાષ્ટ્રના જાણીતા લોકસાહિત્ય સર્જક 'ભોજા ભગત' ની ત્રીજી પેઢીના વારસદાર મનસુખભાઈ સાવલીયાને તેનો ગર્વ હતો.પૂર્વ ઉદ્યોગ મંત્રી શશિકાંતભાઈ લાખાણી રૂપાયતન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી હતા. તેમના સ્વર્ગવાસ પછી રૂપાયતન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પદની જવાબદારી રતુભાઈ અદાણીએ મને સોંપી હતી. આ ટ્રસ્ટના પદે મનસુખભાઈની ટ્રસ્ટી પદે નિયુક્તિ થઈ, ટ્રસ્ટના સંકલ્પો પુરા કરી અમો બંનેએ ટ્રસ્ટમાંથી નિવૃત્તિ લીધી હતી. 'અમૃત વરસે અનરાધાર' કોલમના લેખકને શીશ નમાવી ભાવવંદના સાથે પ્રભુ અંતર આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના..

### ૧૧ ઓગસ્ટે પરીક્ષા લેવામાં આવશે

# NEET PG 2024 ની પરીક્ષાની તારીખ જાહેર કરાઈ

## NEET PG પરીક્ષા બે પાળીમાં લેવામાં આવશે

નવી દિલ્હી, તા.૬

NEET PG 2024 પરીક્ષાની નવી તારીખ આજે જાહેર કરવામાં આવી છે. NEET PG 2024 પરીક્ષા, આગામી ૧૧ ઓગસ્ટના રોજ દેશભરના વિવિધ કેન્દ્રો પર લેવામાં આવશે. NEET PG 2024 પરીક્ષા બે પાળીમાં લેવામાં આવશે. પરીક્ષા નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ દ્વારા સીબીટી સ્વરૂપમાં લેવામાં આવશે.

NEET PG 2024 ની પરીક્ષા પહેલા ૨૩ જૂને યોજાવાની હતી, પરંતુ પરીક્ષાના એક દિવસ પહેલા પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ પરીક્ષાની નવી તારીખ ૧૧ ઓગસ્ટના રોજ યોજવાની જાહેર કરવામાં આવી છે. NEET PG 2024ના પરીક્ષાર્થીઓ અધિકૃત વેબસાઈટ natboard.edu.in મા જઈને બોર્ડ દ્વારા જાહેર કરાયેલ પરીક્ષા અંગેના સૂચનાને ચકાસી શકે છે. દર વર્ષે દેશભરમાં લગભગ ૫૨,૦૦૦ મેડિકલ PG બેઠકો માટે લગભગ બે લાખ MBBS સ્નાતકો NEET PG માટે પરીક્ષા આપે છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સના જણાવ્યા અનુસાર, જૂનમાં યોજાનાર પરીક્ષા રદ કરવામાં આવી હતી, કારણ કે મંત્રાલય પરીક્ષા પ્રક્રિયાની મજબૂતતાને ચકાસવા અને પ્રક્રિયામાં કોઈ નબળાઈઓ ના રહે તેની ખાતરી કરવા માંગતુ હતું. NEET PG 2024 ની પરીક્ષા અગાઉ ૩ માર્ચે યોજાવાની હતી, પરંતુ તેને ૭ જુલાઈ સુધી મુલતવી રાખવામાં આવી હતી. ત્યાર બાદ લોકસભાની સામાન્ય ચૂંટણીઓને કારણે, NEET PG પરીક્ષાની તારીખ ૨૩ જૂન પર મુલતવી રાખવામાં આવી હતી. આ પરીક્ષા પણ મોકુફ રાખવામાં આવી હતી. જેની જાહેરાત પરીક્ષાના એક દિવસ પૂર્વે મોડી સાંજે ૨૨ જૂનના રોજ કરવામાં આવી હતી.

### એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો જાહેર

# કેનેડાએ સ્કિલ્ડ ભારતીય વર્કર્સ માટે દરવાજા ખોલ્યા

## ખાસ કરીને જેમને પ્લમ્બર, કડિયાકામ, સુથારીકામ અથવા ઈલેક્ટ્રિશિયનનું કામ આવડતું હોય તેના માટે કેનેડામાં તક

ઓટાવા, તા.૬

તમે જો કેનેડામાં કામ કરવાની ઈચ્છા ધરાવતા હોવ તો તમારા માટે એક ચાન્સ આવી ગયો છે. કેનેડાએ સ્કિલ્ડ ભારતીય વર્કર્સ માટે પોતાના દરવાજા ખોલી નાખ્યા છે અને એક્સપ્રેસ એન્ટ્રી ડ્રોની જાહેરાત કરી છે. IRCCએ તાજેતરમાં એક સ્પેશિયલ એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો યોજ્યો હતો જે સ્કીલ્ડ વર્કર્સ માટે હતો. ડિસેમ્બર ૨૦૨૩ પછી આ આવો પહેલો ડ્રો હતો અને એ દેખાડે છે કે કેનેડા દરેક મહત્ત્વના ફિલ્ડમાં ટેલેન્ટને આકર્ષવા માટે તૈયાર છે. કેનેડાએ એલિજિબલ ઉમેદવારોને કુલ ૧૮૦૦ ITA એટલે કે ઈન્વીટેશન ટુ એપ્લાય મોકલ્યા છે.

તમે સ્કિલ્ડ પ્રોફેશનલ હોવ અને ટ્રેડ જાણતા હોવ, એટલે કે ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, ટ્રેડર, પાઈપ ફિટર, મિકેનિકનું કામ, કડિયાકામ, સુથારી કામ, ટેકનિશિયનનું કામ આ બધું આવડતું હોય તે તમારા માટે કેનેડામાં કામ કરવાની તક છે. પરંતુ કેનેડામાં કામ કરવા જતા પહેલા તમારે કેટલીક વાતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે.

એક તો ડ્રો માટે લાયક બનવા માટે તમારી પાસે કોમ્પ્રિહેન્સિવ રેક્કિંગ સિસ્ટમ - CRSમાં ઓછામાં ઓછા ૪૩૬ સ્કોર હોવો જોઈએ. આ ડ્રો એ IRCCની એક મોટી પહેલનો હિસ્સો છે જેમાં પાંચ ટકા જેટલી અરજીઓ ટ્રેડ ઓક્યુપેશનમાંથી લેવામાં આવશે જે કેટેગરી બેઝ્‌ડ ડ્રો હશે.

આ ઉપરાંત પ્રોવિન્શિયલ નોમિની પ્રોગ્રામનો પણ ડ્રો થયો છે. બીજી જુલાઈએ જ PNPના ઉમેદવારો માટે એક એક્સક્લુઝિવ ડ્રો કરવામાં આવ્યો હતો. તેમાં ૯૨૦ ઉમેદવારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. દરેક માટે ઓછામાં ઓછા ૭૩૯નો CRS સ્કોર જરૂરી હતો. આ પ્રકારના પ્રોગ્રામ સ્પેસિફિક ડ્રો ૩૦ મેથી બહુ કોમ થઈ ગયા છે. તાજેતરમાં ચાર ડ્રો થયા તેમાંથી ત્રણ ડ્રો પીએનપી કેન્ડિડેટ માટે હતા.

હવે ભારતીયો માટે કેવી તક છે તેની વાત કરીએ. ભારતીયો માટે તક વધારે છે ખાસ કરીને જો તેઓ જે તે પ્રોવિન્સમાં જે ટ્રેડની જરૂરિયાત હોય તેમાં અનુભવ ધરાવતા હોય ત્યારે. કેનેડામાં કામ કરતા ઈન્ડિયન પ્રોફેશનલો અથવા સ્ટડી પરમિટ પર આવેલા લોકો પણ પર્મેનન્ટ રેસિડન્સી મેળવવા માટે આ રસ્તો વિચારી શકે છે. સ્કીલ્ડ લોકો માટે કેનેડામાં કાયમ માટે સેટલ થવાની આ એક સારી તક છે.

કેનેડા એક્સપ્રેસ એન્ટ્રી શું છે તેની તો મોટા ભાગના લોકોને ખબર જ હશે. એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ ૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી જેમાં ત્રણ મુખ્ય પ્રોગ્રામ સામે છે - કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ, ફેડરલ સ્કીલ્ડ વર્કર પ્રોગ્રામ અને ફેડરરલ સ્કીલ્ડ ટ્રેડર્સ પ્રોગ્રામ. તેમાં ઉમેદવારની ઉંમર, અનુભવ, લેંગ્વેજ સ્કીલ, ઓક્યુપેશન જોઈને પસંદગી કરવામાં આવે છે. એક્સપ્રેસ એન્ટ્રી ડ્રોના ટાઈપની વાત કરીએ તો તેમાં જનરલ, પ્રોગ્રામ સ્પેસિફિક અથવા કેટેગરી બેઝ્‌ડનો સમાવેશ થાય છે. જનરલ ડ્રોમાં બધા ઉમેદવારોને ગણતરીમાં લેવાય છે જ્યારે પ્રોગ્રામ સ્પેસિફિકમાં ચોક્કસ પ્રોગ્રામ જેમ કે CEC, FSWP, અથવા FSTP. ગણતરીમાં લેવાય છે. પીએનપી ઓન્લી ડ્રોમાં એક્સપ્રેસ એન્ટ્રી મારફત નોમિનેટ કરાયેલા ઉમેદવારોને જ ધ્યાનમાં લેવામાં આવે છે.

કેટેગરી બેઝ્ડ સિલેક્શનની વાત કરીએ તો ૨૦૨૩માં તેની શરૂઆત કરવામાં આવી હતી જેમાં ચોક્કસ સ્કીલ ધરાવતા ઉમેદવારોને ટાર્ગેટ કરવામાં આવે છે જે કેનેડાના વર્કફોર્સમાં જોડાઈ શકે. તેમાં કુલ છ કેટેગરી છે

૧- હેલ્થકેર ઓક્યુપેશન

૨- સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ એન્ડ મેથ્સ એટલે કે સ્ટેમ

૩. ટ્રેડ ઓક્યુપેશન જેમ કે લુહારીકામ, સુથારીકામ, પ્લમ્બર

૪. ટ્રાન્સપોર્ટ ઓક્યુપેશન

૫. એગ્રીકલ્ચર અને એગ્રી ફૂડ ઓક્યુપેશન

૬. ફ્રેન્ચ ભાષાની આવડત

એક્સપ્રેસ એન્ટ્રીમાં તમારે જવું હોય તો માત્ર મિનિમમ ક્રાઈટેરિયાનું પાલન કરવાથી નહીં ચાલે. તમારી પાસે બીજા પોઈન્ટ પણ હોવા જોઈએ. જેમ કે વર્ક એક્સપિરિયન્સ. ઓછામાં ઓછા એક વર્ષનો સળંગ ફુલ ટાઈમ સ્કિલ્ડ વર્ક એક્સપિરિયન્સ હોવો જરૂરી છે. અથવા એટલા જ સમયનો પાર્ટ ટાઈમ કામ કરવાનો અનુભવ જોઈએ.

ત્યાર પછી એજ્યુકેશન હોવું જરૂરી છે. તમારી પાસે બેઝિક જરૂરિયાત તરીકે હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ જરૂરી છે. લેંગ્વેજની આવડત પણ જરૂરી છે. ઈંગ્લિશ અથવા ફ્રેન્ચ ભાષામાં લેવલ ૭ અથવા તેનાથી ઉપરનો સીએલબી હોવો જોઈએ. લેંગ્વેજ સ્કીલ, એજ્યુકેશન, વર્ક એક્સપિરિયન્સ અને બીજા ફેક્ટરમાં ઓછામાં ઓછા ૬૭ પોઈન્ટ હોવા જરૂરી છે.

તમને ક્યાંથી કેટલા પોઈન્ટ મળશે તેની પણ વાત કરી દઈએ. તો લેંગ્વેજ સ્કીલ માટે ફર્સ્ટ ભાષાની આવડત પ્રમાણે ૨૪ પોઈન્ટ મળી શકે. તમારી સેકન્ડ લેંગ્વેજની સ્કીલ તથા તમારા પતિ કે પત્નીની ભાષાની સ્કીલના આધારે પણ પોઈન્ટ ઉમેરી શકાય છે. તમારા એજ્યુકેશનના લેવલ માટે વધુમાં વધુ ૨૫ પોઈન્ટ મળી શકે. તેમાં ઉંમરને પણ ધ્યાનમાં લેવાય છે તેથી ૧૮થી ૩૫ વર્ષ વચ્ચેની વય ધરાવતા લોકો વધુમાં વધુ ૧૨ પોઈન્ટ મેળવી શકે છે. ૩૫ વર્ષથી વધારે ઉંમર હોય તેમ પોઈન્ટ ઘટતા જાય છે. ૩૬ વર્ષની ઉંમર હોય તો ૧૧ પોઈન્ટ મળે, ૩૭ વર્ષની ઉંમર હોય તો ૧૦ પોઈન્ટ મળે, ૩૮ વર્ષની ઉંમરના ઉમેદવારને ખાલી ૯ પોઈન્ટ મળે છે.

આ રીતે પોઈન્ટ ઘટતા જાય. ૪૦ વર્ષનાને ૭ પોઈન્ટ, ૪૧ વર્ષની વય હોય તો ૬ પોઈન્ટ, ૪૬ વર્ષની ઉંમરે માત્ર એક પોઈન્ટ અને ૪૭થી વધારે ઉંમર હોય તો એક પણ પોઈન્ટ મળે નહીં.

પ્રોફેશનલ અનુભવની વાત કરીએ તો તમારી વર્ક હિસ્ટ્રી અનુસાર મેક્સિમમ ૧૫ પોઈન્ટ મળી શકે. કેનેડામાં રોજગારીની વ્યવસ્થા કરી લીધી હોય તો ચોક્કસ શરતોને આધિન રહીને ૧૦ પોઈન્ટ મળી શકે. તમારો પરિવાર કેનેડામાં સેટલ થઈ શકશે કે નહીં તેનું એસેસમેન્ટ કરાવીને મહત્તમ ૧૦ પોઈન્ટ મળી શકે.

એક્સપ્રેસ એન્ટ્રી માટે તમારે તમારી પાસે કેટલા કેનેડિયન ડોલર બતાવવા પડે તે પણ જાણવું જરૂરી છે.

# ખાલિસ્તાની સમર્થક અમૃતપાલે લોકસભાના સાંસદ તરીકે શપથ લીધા

## ચાર દિવસના પેરોલ નિયમો અને શરતો સાથે આપ્યા

નવી દિલ્હી, તા.૬

ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહે લોકસભાના સાંસદ તરીકે શપથ લીધા છે. પંજાબના ખડૂર સાહિબથી લોકસભા સાંસદ અમૃતપાલને શપથ લેવડાવવા માટે આસામના ડિબ્રૂગઢ જિલ્લામાંથી દિલ્હી લાવવામાં આવ્યા હતા. શપથ માટે સ્પેશિયલ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અમૃતપાલ સિંહને આસામથી સીધા હવાઈ જહાજ દ્વારા નવી દિલ્હી લાવવામાં આવ્યા હતા. જે બાદ લોકસભાના સભ્ય તરીકે સ્પીકર ઓમ બિરલાએ તેમને શપથ લેવડાવ્યા હતા. લોકસભા સાંસદ તરીકે શપથ લેવા માટે કોર્ટે અમૃતપાલને ચાર દિવસના પેરોલ આપ્યા છે. પેરોલ માટે કોર્ટે સ્પેશિયલ નિયમો અને શરતો પણ રાખી છે. કોર્ટના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં રહેવા દરમ્યાન અમૃતપાલ સિંહનો પરિવાર અથવા તેમના સંબંધીઓ કોઈ પણ પ્રકારનું નિવેદન મીડિયામાં આપશે નહીં. આપને જણાવી દઈએ કે, સાંસદને ૨૩ એપ્રિલે અમૃતસરથી ધરપકડ કર્યા હતા.

તો વળી અમૃતપાલના શપથ લીધા બાદ તેના પિતા તરસેમ સિંહનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, ખડૂર સાહિબના મતદારો અને દુનિયાભરમાં રહેતા પંજાબીઓ માટે ખુશીની વાત છે. પહેલા એ વાતને લઈને આશંકા હતી કે તે સાંસદ બનશે કે નહીં, પણ આજે આ શંકા પણ દૂર થઈ ગઈ છે. તમામ અટકળો પર વિરામ લાગી ગયો છે.

લોકસભા ચૂંટણીમાં અમૃતપાલ સિંહે કોંગ્રેસ ઉમેદવાર કુલબીર સિંહ ઝીરાને હરાવીને અપક્ષ સાંસદ તરીકે ખડૂર સાહિબ સીટ ૧.૯૭ લાખ વોટથી જીત્યા હતા. આ સમયે અમૃતપાલ સિંહ પોતાના અન્ય સાથીઓ સાથે એક વર્ષથી વધારે સમયથી જેલમાં છે. આ તમામની રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ અંતર્ગત ધરપકડ કરી હતી. વારિસ પંજાબ દે પ્રમુખ અને હવે ખડૂર સાહિબના સાંસદ અમૃતપાલ સિંહને પાંચ જૂનથી ૯ જૂન સુધી પૈરોલ મળ્યા છે. જો કે, આ દરમ્યાન તે પોતાના સંસદીય મત વિસ્તાર ખડૂર સાહિબ જઈ શકસે નહીં. સાંસદને દિલ્હીમાં જ રહેવું પડશે.

### આફ્રિકન દેશ મોરિટાનિયામાં ભયાનક દુર્ઘટના સર્જાઈ

# એટલાન્ટિક મહાસાગરમાં પ્રવાસી માછીમારોથી ભરેલી બોટ પલટી

## ૮૯ લોકોના મોત, ૭૦ થી વધુ લોકો ગુમ

મોરિટાનિયા, તા.૬

આફ્રિકન દેશ મોરિટાનિયામાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. જેમાં એટલાન્ટિક મહાસાગરમાં પ્રવાસી માછીમારોથી ભરેલી બોટ પલટી જતા ૮૯ લોકોના મોત થયાના અહેવાલ મળી રહ્યા છે. જયારે ૫ વર્ષની બાળકી સહિત ૯ લોકોને સુરક્ષિત બચાવી લેવાયા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ૬ દિવસ પહેલા લગભગ ૧૭૦ માછીમારો આ બોટમાં બેસીને માછલી પકડવા માટે દરિયામાં ગયા હતા. આ માછીમારો સેનેગલ-ગેમ્બિયા સરહદ દ્વારા યુરોપ જઈ રહ્યા હતા, પરંતુ એટલાન્ટિક મહાસાગરમાં ભીષણ ચક્રવાતમાં બોટ ફસાઈ ગઈ હતી. દરિયાકાંઠાથી લગભગ ૪ કિલોમીટર દૂર તેમની બોટ ફસાઈ ગઈ હતી. મોરિશિયન કોસ્ટ ગાર્ડેને આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ ગઈ હતી. જો કે કોસ્ટ ગાર્ડની ટીમ પહોંચે તે પહેલા જ ૮૯ લોકોના ડૂબી જવાથી મોત થયા હતા.

મોરિશિયન કોસ્ટ ગાર્ડે ૫ વર્ષની બાળકી સહિત ૯ લોકોને બચાવ્યા હતા. બચાવાયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જો કે હજુ પણ ૭૦થી વધુ લોકો ગુમ હોવાના અહેવાલ છે, જેમના માટે મોટા પાયે બચાવ કામગીરી ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા યમન અને અફઘાનિસ્તાનમાં આવી બે મોટી દુર્ઘટના થઈ ચૂકી છે. યમનના એડન શહેર નજીક દરિયાકિનારે બોટ ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૪૫થી વધુ લોકોના મોત થયા હતા અને લગભગ ૧૪૦ લોકો ગુમ થયા હતા, જેમનો પતો આજદિન સુધી લાગ્યો નથી

### મોહરમને ધ્યાને રાખી લેવાયો નિર્ણય


# પાકિસ્તાને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કર્યા બંધ


ઈસ્લામાબાદ, તા.૬

પાકિસ્તાનમાં અગાઉ ચાર મહિનાથી વધુ સમય સુધી એક્સ બ્લોક કરાયું હતું, તો હવે પાકિસ્તાન સરકારે તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ યૂટ્યુબ, વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક પર છ દિવસનો પ્રતિબંધ લાદાવનો નિર્ણય લીધો છે. સરકાર મોહરમના તહેવારને ધ્યાને રાખી ૧૩થી ૧૮ જુલાઈ સુધી તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બંધ રાખશે. મળતા અહેવાલો મુજબ પાકિસ્તાનની પંજાબ પ્રાંતની સરકારે ઈસ્લામી મહિનો મોહરમને દરમિયાન 'નફરત ફેલાવતી સામગ્રી'ને અટકાવવા માટે સોશિયલ મીડિયાના તમામ પ્લોટફોર્મ YouTube, WhatsApp, Facebook, Instagram અને TikTok પર ૧૩થી ૧૮ જુલાઈ સુધી પ્રતિબંદ લાદવાનો નિર્ણય લીધો છે. મીડિયા અહેવાલો મુજબ પંજાબ સરકાર દ્વારા ગુરુવારે મોડી રાત્રે જાહેર કરાયેલી એડવાઈઝરીમાં જણાવાયું છે કે, મુખ્યમંત્રી મરિયમ નવાજની કાયદો અને વ્યવસ્થા સંબંધીત કેબિનેટે ૧૨ કરોડથી વધુ વસ્તી ધરાવતા પંજાબ પ્રાંતમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ યૂટ્યુબ, વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક પર છ દિવસનો પ્રતિબંધ લાદવાની ભલામણ કરી છે. તહેવારો દરમિયાન નફરત ફેલાવતી સામગ્રી અને અફવાઓ ફેલાતી અટકાવવા તેમજ સાંપ્રદાયિક હિંસા ન થાય તે હેતુથી કેબિનેટે આ નિર્ણય લીધો છે.

મરિયમ નવાજની પંજાબ સરકારે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને વિનંતી કરી છે કે, કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૧૩થી ૧૮ જુલાઈ સુધી બંધ રાખવા માટે સૂચના જારી કરે. ઉલ્લેખનીય છે કે, શાહબાઝ શરીફ મરિયમ નવાજના કાકા છે. 'યૌમ-એ-આશુરા' મુહર્રમની ૧૦મી તારીખે આવે છે, જે ઈસ્લામિક કેલેન્ડરનો પ્રથમ મહિનો છે.

# આજે મોજીલા રાજકોટનો ૪૧૪મો જન્મદિવસ




## ઠાકોર વિભાજીના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિ નામનો યુવાન આજી નદીના ડેમે નેહડામાં રહેતો હતો, હાલ રાજકોટ જે ઉંચાઈ પર આવેલું છે ત્યાં રાજા સાહેબે એક ટીમ્બા (ઉંચાઈ) ઉપર કોટ બનાવ્યો હતો આમ રાજુનું નામ અને ટીમ્બા પર બનાવેલ કોટ પરથી રાજકોટ નામ પડયું

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

બ્રિટીશ રાજયનાં સમયગાળા દરમિયાન ભારતના રજવાડામાંનુ એક રજવાડુ હતુ. બોમ્બે પ્રેસિડેન્સીની પ્રથમ કાઠીયાવાડ એજન્સીનું ૯ તોપની સલામી ઝીલતું રાજય હતું. વર્તમાનમાં રાજકોટ ગુજરાત રાજયનું ચોથુ સૌથી મોટુ શહેર છે આ જાડેજા વંશ શાસિત છઠ્ઠુ સૌથી મોટુ રાજય હતું. ઠાકોર વિભાજી ૧૬૧૦માં ૨૮૨ માઈલ્સ એરીયામાં ૬૪ ગામડાઓમાં તેમનું શાસન હતું.

રાજકોટ રજવાડાની સ્થાપના ઈ.સ. ૧૬૨૦માં વિભોજી અજોજી જાડેજાએ કરી હતી. જેઓ નવાનગરના જામ સતાજીનાં પૌત્ર હતા. તેમની સ્થાપના પહેલા આ પ્રદેશ સરધાર નામનાં રજવાડાનો ભાગ હતો. વર્ષ ૧૯૪૭માં ભારત બ્રિટનથી આઝાદ થયા બાદ ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૮નાં રોજ કાઠીયાવાડના જાડેજા રાજયોની સાથે રાજકોટ પણ ભારત સંઘ સાથે વિધિવત જોડાણ કર્યુ હતું. ઠાકોર વિભાજીના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિ નામનો યુવાન આજી નદીના ડેમે નેહડામાં રહેતો હતો. હાલ રાજકોટ જે ઉંચાઈ પર આવેલું છે ત્યાં રાજા સાહેબે એક ટીમ્બા (ઉંચાઈ) ઉપર કોટ બનાવ્યો હતો આમ રાજુનું નામ અને ટીમ્બા પર બનાવેલ કોટ પરથી રાજકોટ નામ પડયું. (અત્રે યાદ રહે કે, જે-તે સમયે આપણા વડીલો આપણને નાનપણમાં રાજકોટના નામ વિશે પૂછતા તો એક કહેવત કહેતા કે, 'રાજા કરે રાજ અને દરજી સીવે કોટ' એટલે 'રાજકોટ').

રાજકોટ શહેરની સ્થાપના ઠાકોરજી વિભાજી દ્વારા વિધિવત રીતે ૧૯૬૦માં કરવામાં આવી હતી અને તેમણે આશરે ૨૮૨ ચોરસ માઈલ વિસ્તારમાં પોતાનું શાસન કર્યુ હતું. ૧૭૨૦માં સોરઠ રેજીમેન્ટના નાયબ સુબેદાર માસુમ ખાનએ શાસનને હરાવ્યો અને રાજકોટનું નામ બદલીને મસુમાબાદ કર્યું. ત્યારબાદ ૧૭૩૨માં ફરી ડેરાફેટેડ શાસક મહેરાણમજીના પુત્ર રણમલજીએ પોતાનું સૈન્ય એકઠું કરી માસુમ ખાનને ઠાર મારી હરાવીને પિતાની હારનો બદલો લીધો અને ફરી તેનું નામ રાજકોટ રાખ્યું. હાલ જયાં કોઠી કમ્પાઉન્ડમાં છે ત્યાં રાજવી પરિવારે રાજકોટની સ્થાપના કરી હતી. રાજાએ દરબારગઢમાં કોટેશ્વર મહાદેવ અને માતાજીની સ્થાપના સાથે દરબારગઢનું નિર્માણ કર્યુ હતું. રાજકોટ એ સમયે નાનું હતું દરબારગઢમાં રાજવીઓ અને રાજકુટુંબો રહેતા હતા. સૌરાષ્ટ્રમાં આઝાદી પહેલા આશરે ૨૨૨ રજવાડાઓ હતાં. ૧૮૨૦માં રાજકોટમાં બ્રિટીશરોએ એક કોઠી સ્થાપી જે હાલ કોઠીકમ્પાઉન્ડ તરીકે ઓળખાય છે. ૧૮૨૨ના વર્ષમાં બ્રિટીશ શાસનએ એક એજન્સીની સ્થાપના કરી અને તેનું નામ કાઠીયાવાડ એજન્સી રાખ્યું. કસ્ટમ અને રેલ્વે કચેરીઓ ધરાવતી હાલના કોઠીકમ્પાઉન્ડ વિસ્તાર તે સમયગાળા દરમ્યાન બ્રિટીશ એજન્સીના અધિકારીઓ ઉપયોગ કરતા હતા. સમય જતા વિવિધ ફેરફારો દરમ્યાન નેતૃત્વમાં ફેરફારો આવવા લગ્યા અને ફરીથી સમગ્ર વિસ્તાર એ એજન્સીનો હતો જે હાલમાં સદર વિસ્તાર. રાજકોટમાં મુંબઈની જેમ ટ્રમ્પ (માલવાહક ગાડી) શરૂ થયેલી બાપુના વખતમાં બેડી ગામથી બેલા ભરાઈને આવતા. ટ્રમ્પ જયાં જુની ખડપીઠ થી બ્રાહ્મણવાડીથી શરૂ થઈ ગુજરીબજાર છે ત્યાં આજીનદીના બેઠા પુલ પરથી સામે કાંઠે જતી. એક આનો કે બે આના ટીકિટ હતી. ૧૮૮૯માં પ્રથમ રેલવે વાંકાનેર સાથે જોડાયો રેલ્વે લીંકની સ્થાપના થઈ તે સમય દરમ્યાન મોટાભાગે મીટરગેજ ટ્રેનનો ઉપયોગ કરવામાં આવતો હતો અને જે વિસ્તારોમાં પરિવહનની મુખ્ય જીવન રેખાની રચના કરે છે. રાજકોટ શહેરની પાણીની જરૂરીયાતને પુરી પાડનાર લાલપરી તળાવ, ૧૮૯૫નાં વર્ષમાં સ્થાપવામાં આવ્યું હતું. ૧૯૨૧માં કાઠીયાવાડનું રાજકીય નેતૃત્વ રાજકોટમાં પ્રથમ મળ્યું હતું. અને આ સમય દરમિયાન, લંકાજી રાજ પ્રથમ બેઠકનું પ્રતિનિધિત્વ કરતું હતુ અને આ વિસ્તારમાં રાજકીય નેતૃત્વનાં પ્રથમ પતાવટની સ્થાપના કરી હતી.

૧૯૨૫માં મહાત્મા ગાંધીએ સૌપ્રથમવાર શહેરની મુલાકાત લીધી હતી અને ત્યાં પ્રથમ શૈક્ષણિક પ્રવૃતિઓની સ્થાપના કરી. આજે તે ગ્રામીણ ઉદ્યોગો માટે એક સુસ્થાપિત કેન્દ્ર છે. અત્રે નોંધનીય છે કે,પૂ. મહાત્મા ગાંધી જયાં સાત વર્ષ અભ્યાસ કર્યો તે જૂની આલફ્રેડ હાઈસ્કૂલનું બાંધકામ બ્રિટીશ શાસનકાળમાં રાજકીય એજન્ટ કેરનેલ સીંઘે કર્યુ હતું. જે-તે સમયે આ શાળા (રાજકોટ અંગ્રેજી સ્કૂલ તરીકે જાણીતી હતી તેમજ તે સૌરાષ્ટ્રની પ્રથમ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ હતી. જે ૧૭ ઓકટોબર ૧૮૫૩માં હાઈસ્કૂલમાં ફેરવાઈ). હાલ મહાત્મા ગાંધી મ્યુઝીયમના રૂપમાં પરિવર્તિત થઈ પ્રવૃત છે.૧૯૩૭માં વઢેરાએ દિવાન વિરાવાડના અત્યાચારનો ફરીથી વિરોધ કર્યો અને પ્રથમ સત્યાગ્રહ શરૂ કર્યો અને છેલ્લા આ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા ઉકેલવામાં આવ્યું હતું. છેવટે ઠરાવને પાછળથી તબક્કામાં મુકી દેવામાં આવ્યો અને આ વિકાસ સાથે મહાત્મા ગાંધીએ આ પગલાને નકારવા માટે ભૂખ હડતાલ શરૂ કરી. ૧૯૪૨થી બહાર નીકળી ભારતનું આંદોલન પણ રાજકોટના વિકાસનું હબ બનવા માટેનું મુખ્ય યોગદાન હતુ.

સૌરાષ્ટ્રના જિલ્લાઓ પાર્ટીશન પછી, જે પ્રદેશ ૧૫-૪-૧૯૪૮માં અસ્તિત્વમાં આવ્યો તે મુખ્યત્વે બે પ્રદેશોમાં વિભાજીત થયો. રાજયનો કુલ વિસ્તાર ૨૩ હજાર ચો. માઈલ હતો. આ પ્રદેશમાં ૪૪૭૦ નગરો હતા. રાજયની કુલ વસ્તી ૪૧ લાખ હતી અને જિલ્લાઓમાં (૧) સેન્ટ્રલ સૌરાષ્ટ્ર (રાજકોટ જીલ્લો) (૨) સોરઠ (જૂનાગઢ જીલ્લો), (૩) હાલાર (જામનગર જીલ્લો) (૪) ગોહિલવાડ (ભાવનગર જીલ્લો), (૫) ઝાલાવાડ (સુરેન્દ્રનગર જીલ્લો) રાજયની રચના પછી તેને દુકાળમાં ૪ વર્ષ સુધી પીડાયુ હતું. તે પછી ૧૯૫૦ના વર્ષમાં ભારે વરસાદને લીધે આ વિસ્તારનું જનજીવન અને સંપતિને મસમોટુ નુકશાન પહોંચ્યુ હતું. કેસરે હિન્દ ૧૧૦ વર્ષનો બ્રિજ છે અગાઉ પુલની પહોળાઈ ૧૦ મીટર હતી જેને પાછળથી ૨૪ મીટર સુધી વધારી હતી અને હવે બે-વાહન વ્યવહાર ટ્રાફિકને મંજુરી અપાઈ હતી. જેમ આજે મુંબઈ ફિલ્મનું હબ ગણાય છે તેમ રાજકોટમાં પણ ઈ.સ. ૧૯૨૫ના અરસામાં ફિલ્મ સ્ટુડીયો શરૂ થયો હતો. ફિલ્મ અભિનેત્રી નરગીસની માતા અને સંજયદતની નાની જદ્દનબાઈ ગાવા-વગાડવા આવતી હતી. ગોંડલ રોડ પર જયાં બાળ અદાલત છે ત્યાં ફિલ્મ સ્ટુડીયો હતો. ૧૯૨૬માં સૌરાષ્ટ્ર લીમીટેડ નામની કંપનીએ કલાબાજ આશક નામની ફિલ્મ બનાવી હતી. બ્રિટીશ એજન્ટોનાં થાણા અને ફિલ્મ સ્ટુડીયો, રજવાડાઓ હાલ જયાં છે ત્યાં ઈન ફોર્મલ એરપોર્ટ ઉભું કરાયું હતું. એર ઈન્ડીયા સેવા નહોતી. ત્યારે મુંબઈની એલ.ગોવિંદ એન્ડ સન્સ. લી.નાં 'ડાકોટા' વિમાનો આવતા, 'અંબિકા એરલાઈન્સના' ઉડન ખટોલા જેવા વિમાનોની અવરજવર રહેતી. વિમાનો મુંબઈથી રાજકોટ આવતા અને વાયા મોરબી ફેરો મારીને પરત મુંબઈ ફરતા. જે-તે સમયે રાજકોટથી મુંબઈનું ભાડુ રૂા. ૬૭ હતું. જયારે રાજકોટથી મોરબીનું ભાડુ રૂા. ૧૦ હતું. લોકોને ભાડુ મોંઘુ ન પડે એટલે મોરબી સ્ટેટ સબસીડી આપતું.

રાજકોટ અને માળીયાનાં રાજા ગાઢ મિત્રતા ધરાવતા હતા અને એકબીજાના ઘેર આવવા-જવાના સંબંધો હતા. હાલ જે ગુમાનસિંહજી બિલ્ડીંગ છે તે લાખાજીરાજ બાપુએ માળીયાના ઠાકોરસાહેબ ગુમાનસિંહજીના માનમાં બંધાવ્યું છે. જે ગામડેથી હટાંળુ કરવા આવતા તેના માટે એક ચોરા પોઈન્ટ જેવો બની રહેતો. ગ્રામ્ય પ્રજા જે-તે સમયે અહીંયા આવતી ત્યારે અહીં ફળીયાની આડશે થોડો વિસામો (લાંબો વાહો) કરી લેતા, તે વખતી રાજકોટની વસ્તી ૧૫૧૦૮ની હતી. વાર્ષિક ઉપજ ૨ લાખ હતી.

રાજકોટમાં ૭ પ્રવેશદ્વારો હતાં જેમાં રામનાથપરા પાસે સરધાર નાકું, ગામની અંદર રૈયાનાકુ, આગળ જતા પાણી ગેટ અને પછી કોઠારીયા નાકુ, બેડીનાકુ અને ભીચરી નાકુ.

અત્રે જયાં રેસકોર્ષ આવેલું છે ત્યાં અંગ્રેજો રાજવી કુટુંબો માટે ઘોડારેસ થતી અને ગધેડા રેસ પણ યોજાતી.

કબા ગાંધીના ડેલામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો પરિવાર રહેતો હતો તેમના પિતા કરમચંદ ગાંધી રાજકોટ સ્ટેટમાં દિવાન હતા જુની કાપડમીલ રાજકોટનાં અર્થતંત્રનું હૃદય ગણાતું. મીલ માલીક પારસી બાવા એટલા ધનાઢય હતા કે મોગલે આઝમ ફિલ્મ માટે ફાઈનાન્સ કર્યુ હતું. ત્યારબાદ આ કાપડ મીલ સ્ટેટ હસ્તક થઈ અને કાપડ મીલનો વિકાસ થયો. અને આ મીલમાં ૪ હજાર કામદારો કામ કરતા હતા. બાદમાં પ્રજાતંત્રનાં નવાબોએ મીલનું નિકંદન કાઢી નાંખ્યું મનઘડત અને અણઘડત સંચાલનના કારણે મીલ આર્થિક રીતે ખોટના દાયરામાં ધકેલાતી ગઈ અને જે મીલમાં મોટી સંખ્યામાં કામદારો કામ કરતા હતા તેને સ્વૈચ્છિક નિવૃતિ યોજના માટે મજબૂર કરવામાં આવ્યા એટલે કે છુટ્ટા કરવામાં આવ્યા. ૧૯૨૨માં કાપડમીલ બંધ થઈ ત્યારે ૪ હજારમાંથી માત્ર ૩૦૦ જેટલા કામદારો કામ કરતા હતા...!! કામદારોની રોજગારી છીનવાતા કેટલાંય કામદારો બેરોજગાર બની જતાં કેટલાક વ્યસનોનાં રવાડે ચડી ગયા હતાં તો કેટલાંક જીંદગીથી કંટાળી ગયા હતા. પરંતુ સમય જતા રાજકોટના વિકાસમાં ઉતરો ાર નિરંતર પરિવર્તન પ્રર્વતી રહ્યું છે. રાજકોટના પ્રજાવત્સલ રાજવીઓએ ધર્મેન્દ્રસિંહજી લો કોલેજ, રાજકુમાર કોલેજ, ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ, પ્રતાપકુંવરબા સ્કૂલ, લાખાજીરાજ લાઈબ્રેરીનું નિર્માણ કરાવ્યું. જે તે સમયે પડેલ દુકાળ વખતે પ્રજાને રોજગાર મળી રહે તે રીતે પેલેસ રોડ પર રણજીત વિલાસ પેલેસનું નિર્માણ કરાવ્યું હતું. સૌરાષ્ટ્રની જેવી ખમીરવંતી પ્રજા છે તેવો જ ભારતના પશ્ચિમ ભાગમાં આવેલો એક અતિ પ્રાચીન પ્રદેશ છે, પ્રાચીન કાળથી જ સુંદર, સૌમ્ય, સમૃધ્ધ, સભ્ય અને શિષ્ટ પ્રદેશ તરીકે વિશિષ્ટ રહ્યો છે. આ પ્રદેશની ધરતીમાં સૌંદર્ય અને સરસ્વતી, શ્રમ અને શૌર્ય તથા વીરતા અને વેપારનું સ્વતંત્ર સર્જક રહ્યું છે.

ભારતનું પ્રથમ જયોતિલીંગ ધરાવતું સોમનાથનું મંદિર સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણમાં આવેલું છે. સૌરાષ્ટ્ર અનેક પૌરાણિક અને ઐતિહાસિક મહાપુરૂષોની ભૂમિ રહી છે. રાજકોટ શહેરના લોકો અનેકવિધ વિશિષ્ટતાઓ ધરાવે છે. તેની સંસ્કૃતિની પણ એક અલગ ઓળખ પ્રસ્થાપિત કરેલ છે, રાજકોટ પચરંગી શહેર છે ભારતમાં જ નહીં પરનતુ વિશ્વના અનેક ભાગોમાંથી લોકો અહીં આવીને વસ્યા છે. અહીંની પ્રજામાં મરાઠી, તેલગુ, તામિલ, બંગાળી વગેરે ભાષાના લોકો વસે છે. જો કે, તેમાંથી સામાન્ય રીતે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષા ધરાવતા બોલનારાનો વર્ગ વધુ છે. રાજકોટની પરંપરા અને આધુનિકતાનો સમન્ય જોવા મળે છે.

રાજકોટની પ્રજા ભારતની ને વિશ્વની ૨૧મી સદીની પ્રજા સાથે તાલ મીલાવવામાં પાછળ નથી. રાજકોટના લોકો આનંદી સ્વભાવનો પ્રભાવ ધરાવતા હોવાથી તેઓ કોઈપણ ભાષા-પ્રદેશના લોકો સાથે સરળતાથી ભળી જાય છે. એટલે જ રાજકોટ રંગીલુ તેવા ઉપનામની પણ ખ્યાતિ પ્રાપ્ત રાજકોટની પ્રજાની એક આગવી ખાસિયત છે. રાજકોટના લોકો કોઈપણ ઋતુ-દિવસ કે કોઈપણ તહેવારને માણવા હંમેશા તત્પર હોય છે તેમની રહેણીકહેણી વૈવિધ્યસભર છે તેઓ ખાણી-પીણીનાં શોખીન છે તેમજ તમામ પ્રકારના ઉત્સવો ઉત્સાહપૂર્વક ઉજવતા હોવાથી રાજકોટની ઉત્સવપ્રિય, લોકપ્રિયતા પણ ઉજળિયાત બની રહે છે.

સ્વતંત્ર ભારતની પહેલી ચૂંટણી ઈ.સ. ૧૦૫૨માં યોજાઈ હતી જેમાં ૮ રાજયો ત્રણ વિભાગમાં વહેંચાયા હતા. જેમાં વિભાગ (એ)માં ૯ રાજયો, વિભાગ (બી)માં ૮ રાજયો, અને વિભાગ (સી)માં ૧૧ રાજયો હતા જેમાં સૌરાષ્ટ્ર બે વિભાગમાં વહેંચાયેલું હતું. પ્રથમ ચૂંટણીમાં કુલ ૪૯૬ સભ્યો લોકસભાના, ૨૦૩ સભ્યો રાજયસભાના હતાં જે ૧૯ કરોડ મતદાતાઓએ પોતાના મતાધિકારો સાથે ચૂંટયા હતાં. તેમાં સૌરાષ્ટ્રનાં ૧૯ લાખ કરોડ મતદાતાઓએ ૫૫ મતદાન મથકોમાં વહેંચાયા હતા. ત્યારે સૌરાષ્ટ્ર વિધાનસભામાં ૬૦, લોકસભામાં ૬ અને રાજયસભામાં ૪ સભ્યો હતાં. સૌરાષ્ટ્ર વિધાનસભાની કુલ ૬૦ સીટમાં ૫૫ જનરલ કેટગરીમાં હતી અને ૫ અનામત કેટેગરીમાં આવતી હતી. ગુજરાત અને સૌરાષ્ટ્રના સુધારકોની સુધારા કરવાની રીતમાં વિભિન્નતા જોવા મળતી હતી. તળ ગુજરાતના બૌધિકો પરિવર્તનવાદી હતા. જયારે સૌરાષ્ટ્રના સંરક્ષણવાદી હતા. તળ ગુજરાતના સુધારકો ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ જોવા મળતો હતો પરંતુ સૌરાષ્ટ્રના સંરક્ષણવાદીઓ ભારતીય સંસ્કૃતિનાં પાયાના તત્વોના મહત્વપ્રેમી રહ્યા હતા. સૌરાષ્ટ્રનો સુધારો તળ ગુજરાતનાં સુધારાની જેમ ગાજયો નહીં પરંતુ ગુજરાતમાં સુધારાનું કામ સંક્ષોભથી થયું તે સૌરાષ્ટ્રમાં શાંતિથી, ગંભીરતાથી થયું. આમ ૨૧મી સદીમાં સુધારાની ચળવળની ગતિ ધીમી હતી. તેનો પ્રભાવ ઉજળિયાત વર્ગ પૂરતો મર્યાદિત હતો. છતાં તેણે રૂઢિચુસ્ત સમાજના કવચને છેદયું હતું અને ૧૯મી સદીમાં સૌરાષ્ટ્રના સમાજને પરિવર્તનની દિશામાં પ્રવૃત થવાની પ્રશંસનીય કામગીરી બજાવી તેમાં કોઈ સંશય નથી.

૨૦મી સદીમાં તો રાષ્ટ્રીય ચળવળના રચનાત્મક કાર્યક્રમોમાં અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, જુગારબંધી, વ્યસનોનો ત્યાગ, ખોટા રિવાજોને તિલાંજલિ, અંધશ્રધ્ધા-વહેમોનો પરિત્યાગ જેવી બાબતોનો આવરી લેવાય હતી. વળી રાજકોટ એ સૌરાષ્ટ્રની રાષ્ટ્રીય ચળવળની પ્રવૃતિઓનું કેન્દ્ર બિંદુ હતું તેથી સ્વાભાવિક રીતે જ આવા દૂષણોને દૂર કરવા માટેની પ્રવૃતિઓનું (નાબૂદ-શોષણ) કેન્દ્ર રાજકોટ બન્યું હતું. તેમજ મહત્વની બાબત જે તે સમયની એ હતી કે સૌરાષ્ટ્રની પ્રવૃતિઓને ગાંધીજી તથા સરદાર પટેલનું માર્ગદર્શન અવિરત મળ્યા કરતું હતું તેથી ગાંધીજીના નેતૃત્વ તળે સૌરાષ્ટ્રનાં ફૂલચંદભાઈ શાહ, મણિલાલ કોઠારી, અમૃતલાલ શેઠ, ઠક્કરબાપા, દરબાર ગોપાલદાસ, ઉચ્છરંગરાય ઢેબર, બળવંતરાય મહેતા, રસિકલાલ પરીખ, રતુભાઈ અદાણી, જેઠાલાલ જોશી જેવા અનેક મહાનુભાવ આગેવાનોએ સામાજિક સુધારાની પધ્ધતિમાં સક્રિય-પ્રવૃત બની રહ્યા હતાં.

જયારે ૨૦મી સદીમાં જોઈએ તો શારદાબેન શાહ, ભક્તિબા દેસાઈ, પુષ્પાબેન મહેતા, મંજુલાબેન દવે, દુર્ગાબેન ભટ્ટ જેવી મહિલાઓએ પણ સ્ત્રીઓના કલ્યાણની પ્રવૃતિઓ ઉપર ખાસ પ્રાધાન્ય ધ્યાન આપ્ઠાકોર વિભાજીના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિ નામનો યુવાન આજી નદીના ડેમે નેહડામાં રહેતો હતો, હાલ રાજકોટ જે ઉંચાઈ પર આવેલું છે ત્યાં રાજા સાહેબે એક ટીમ્બા (ઉંચાઈ) ઉપર કોટ બનાવ્યો હતો આમ રાજુનું નામ અને ટીમ્બા પર બનાવેલ કોટ પરથી રાજકોટ નામ પડયુંયું હતું. અનાથ ત્યકતા, બાળ ગુનેગાર, પતિના ત્રાસથી ત્રસ્ત મહિલાઓને રક્ષણ આપવા સૌરાષ્ટ્રમાં નારીગૃહો કે વિકાસગૃહો કે બાળસંરક્ષણ કેન્દ્રો શરૂ કરાયા હતાં. રાજકોટમાં પણ પુષ્પાબેન મહેતાની પ્રેરણાથી હીરાબેન શેઠે કાંતા સ્ત્રી વિકાસગૃહની સ્થાપનામાં સક્રિય ભૂમિકા ભજવી તેની વર્ષો સુધી જવાબદારી સ્વિકારી મહિલાના ઉદ્ધાર-ઉન્નતિના ક્ષેત્રે મહત્વનું યોગદાન પ્રદાન કર્યુ હતું. હાલ પણ શેઠ પરિવારમાંથી આ વિકાસગૃહના સંચાલનમાં પોતાનું અનુદાન આપી રહ્યા છે.

આમ રાજકોટના કેટલાંક પ્રગતિશીલ રાજવીઓ, દીવાનો, કેટલાંક સુધારકો, ગાંધીવાદી કાર્યકરો, મહિલા કાર્યકરો, આઝાદી પછીની પ્રજાકીય સરકાર વગેરેનાં સંયુકત પ્રયાસોથી રૂઢિચુસ્ત સમાજમાં પરિવર્તન આવ્યા. સમાજમાંથી વહેમો-અંધવિશ્વાસમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાયો. બાળવિવાહ, બાળકીને દૂધપીતિ કરવાની પ્રથા નાબૂદ થયાં, વિધવા લગ્ન કરવા ઈચ્છે તો તેનો વિરોધ ન કરવાની સ્થિતિ ઉત્પન્ન થઈ સતી પ્રથા પ્રત્યે પણ સમાજમાં જાગૃતિ આવી જો કે, પોતાના કુટુંબમાં અગાઉ થઈ ગયેલ કોઈ સતીની સતીમા તરીકે પુજા કરવાનું ચાલુ રહ્યું છે. જો કે, એકંદરે સમાજને કોરી ખાતાં દૂષણો દૂર થતાં સમાજ સામાજિક રીતે સ્વસ્થ બન્યો અને દૂષણોનાં શોષણમાંથી મુક્ત થતા સમાજ વિવિધ ક્ષેત્રે પ્રગતિ તરફ ગતિમાન થયો અને પરિણામે આઝાદી તથા પછીથી આવેલી સુખસમૃધ્ધિને ભોગવી શકયો છે.

જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે પણ રાજકોટએ દેશમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું છે. રાજકોટના સોના, ચાંદી તથા ઈમિટેશન જ્વેલરી દેશ તથા દુનિયામાં અને બોલીવુડમાં પણ અત્યંત લોકપ્રિય થઈ છે. રાજકોટએ સમગ્ર સૌરાષ્ટ્રનું હાર્દ છે ત્યારે રાજકોટીયનની આ અનેક સફળતાઓ અને પ્રગતિ સાથે મોજીલા રાજકોટને ૪૧૪મો જન્મદિવસ મુબારક.

# સોમનાથ આષાઢી બીજે પર્વમય બનશે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૬

અષાઢી બીજના મહાપર્વે સોમનાથ વિસ્તાર ભક્તિમય-ઉત્સવમય બનશે. કોળી જ્ઞાતિ વિસ્તાર-સાગર ખેડૂ વિસ્તારમાં આવેલા રામદેવજી મંદિરે ધજારોહણ, પાઠ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા છે. સમગ્ર દેશમાં આષાઢી બીજે જે રથયાત્રા નીકળે છે. તેમાના ભગવાન બલરામનું પ્રભાસ મહાતીર્થ છે અને અહીંથી જ શેષનાથ સ્વરૂપે પાતાળ લોકમાં પ્રવેશ કર્યો હતો. તેનું આ મંદિર સોમનાથના ગીતામંદિર સાથે આવેલું છે. તો જૂનાગઢમાં પ્રાચીન જગન્નાથ મંદિર આવેલું છે. જયાં લગભગ ૨૫૦ વર્ષ જુનું આ મંદિર છે. જે મંદિરની સ્થાપના ગટુરામ મહારાજે કરાવેલ હતી. જૂનાગઢના ઈતિહાસ લેખક વિશાળ જોષી કહે છે ૧૯૪૦થી ૧૯૬૦ દરમ્યાન જગન્નાથજી નામના મહંત ગીરનારની પથ્થર ચટ્ટી જગ્યામાં થઈ ગયા તેઓ ભગવાન જગન્નાથના પરમ ઉપાસક હતા. જેના સાક્ષી આધ્યત્મ સાધક રતિભાઈ જોષીએ તેમની સાધના અને સાક્ષાત્કારનો અનુભુતિ કરેલ. જૂનાગઢમાંના જગન્નાથ મંદિરની યાત્રા વર્ષો પહેલા ભગવાનની મૂર્તિને બળદગાડામાં બિરાજમાન કરાવી રથયાત્રા કાઢવામાં આવતી હતી. પ્રભાસમાં જગન્નાથ ભગવાન કથાનકો સાથે જોડાયેલ ભગવાન શ્રી કૃષ્ણના મંદિરો આવેલા છે. એટલું જ નહી લોકમાન્યતા અનુસાર પ્રભાસની એ દિવ્યકથા ઓરિસ્સા સુધી જોડાયેલી પણ છે.

# જૂનાગઢમાં રખડતા ઢોરોનો ભારે ત્રાસ

જૂનાગઢ તા. ૬


જૂનાગઢ શહેરનાં અનેક વિસ્તારોમાં રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે ત્યારે જવાહર રોડ સેજના ઓટા પાસે સામ્યાવાદી માર્કસવાદી કાર્યાલય પાસે રખડતા ઢોરના ભયંકર ત્રાસથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ સમસ્યાનો તાત્કાલીક નિરાકરણ કરવા બટુકભાઈ મકવાણાએ રજુઆત કરેલ છે.

# જૂનાગઢ શહેરનાં રાજમાર્ગો પર આવતીકાલે ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા નીકળશે

## રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા વ્યાપક આયોજન : સવારે શાહી સ્નાન, બીજ ભોગ હાંડી, આરતી સહિતના કાર્યક્રમો









જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં ગંધ્રપવાડા ખાતે આવેલ ભગવાન જગન્નાથજીના મંદિરે પુરી જગન્નાથજી મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ આવેલી છે. અષાઢી બીજ મહોત્સવ અંતર્ગત જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ગત રાત્રે સત્યનારાયણ ભગવાનની કથા યોજવામાં આવી હતી.આજે સવારે વિષ્ણુયાગ યજ્ઞ યોજવામાં આવ્યો હતો.આજે રાત્રે મંદિર ખાતે સ્વ મુકુંદભાઈ સૂચકના રાધાકૃષ્ણ ભક્તિ ગીત ભજનનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે અષાઢી બીજના દિવસે સવારે ભગવાનનું વિવિધ ઔષધી યુક્ત પાણીથી શાહી સ્નાન કરવામાં આવશે ત્યારબાદ બપોરે શહેરના માર્ગો પર ચાંદીની સાવરણીથી પહીંદ વિધિ બાદ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી, અને બલરામજી નગરચર્યાએ નીકળશે.

આવતીકાલે સવારે અષાઢી બીજના પાવન દિવસે સવારે જગન્નાથજી મંદિરે ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાનનું શાહી સ્નાન, ત્યારબાદ ધ્વજા રોહણ, બીજ ભોગ હાંડી પ્રસાદ, આરતી, સહિતના કાર્યક્રમો યોજાશે. મંદિરે આવનાર તમામ દર્શનાર્થીઓને મોહનથાળનો પ્રસાદ આપવામાં આવશે. બપોરે ૩ વાગ્યે સંતો મહંતો, મેયર ગીતાબેન પરમાર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કોર્પોરેટરો ,રાજકીય અને સામાજિક આગેવાનો મહાનુભવો અને ભાવિકોની ઉપસ્થિતિમાં જગન્નાથજી મંદિરેથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. પ્રારંભે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોના હસ્તે ચાંદીની સાવરણીથી પહિંદવિધી બાદ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી, અને ભાઈ બલરામના ત્રણેય રથો ને દોરડા વડે ભાવિકો દ્વારા પ્રયાણ કરાવવામાં આવશે. બહેનોના રથ ને વિવિધ મહિલા મંડળો અને મહિલાઓ દ્વારા ખેંચવામાં આવશે.જે શહેરના વિવિધ માર્ગો પર નીકળશે. શોભાયાત્રામાં ભગવાન જગન્નાથજીના રથ ઉપરાંત અન્ય મંડળોના પણ ફ્લોટ જોડાશે. આ ઉપરાંત મહિલા મંડળી, સત્સંગ મંડળ, ધૂન મંડળ , રાસ મંડળી અને શહેરના વિવિધ વિસ્તારોમાંથી યુવક મંડળ જોડાશે.રથયાત્રાનું શહેરના વિવિધ માર્ગો પર વિવિધ સંસ્થાઓ દ્વારા ગુલાબની પાખડીઓ તથા પુષ્પ વર્ષા કરી કરવામાં આવશે. આ ઉપરાંત શરબત ડ્રાય ફ્રુટ દૂધ, ચા અને નાસ્તા પીરસી ભવિકોને આગવું કરવામાં આવશે તેમજ સાંજે રથયાત્રા સંપન્ન થયા બાદ જગન્નાથજી મંદિરે મહા આરતી કરવામાં આવશે અને આરતી બાદ જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા દર્શનાર્થીઓને શુધ્ધ ઘીથી બનાવેલા મોહનથાળનો પ્રસાદ આપવામાં આવશે. ત્યારબાદ ત્રિ દિવસીય કાર્યક્રમ વિધિવત પૂર્ણ થશે.

### રથયાત્રાનાં રૂટ પર ૨૫૦૦થી વધુ પ્રસાદના પેકેટનું વિતરણ કરાશે

શહેરના માર્ગો પર શોભાયાત્રા નીકળ્યા બાદ ભાવિકોને જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા ૭૦ કિલોના માંડવીના બી, મીઠા દાણા, રેવડી, સાકર ફણગાવેલા મગ હિતના પેકેટનું વિતરણ કરાશે.આ ઉપરાંત ૫૦ કિલોથી પણ વધુ મગ નું વિતરણ કરાશે.

#### બપોરે આરતીમાં રાવણા, હાંડીનો પ્રસાદ

આવતીકાલે અષાઢી બીજ નિમિત્તે મંદિરે બપોરે યોજાનાર આરતીમાં જગન્નાથજી ભગવાનને હાંડીનો ભોગ, ભગવાનને પ્રિય રાવણા, વિવિધ ફળોનો ભોગ ધરાશે ત્યારબાદ ભાવિકોને પ્રસાદ આપવામાં આવશે.

#### રથ યાત્રાનો રૂટ

અષાઢી બીજે જગન્નાથજી મંદિરે થી શોભાયાત્રા શરૂ થયા બાદ હાટકેશ્વર મંદિર, સેજની ટાંકી, જનતા ચોક, દિવાન ચોક, પંચ હાટડી ચોક, એમ.જી.રોડ, કાળવા ચોકથી દાતાર રોડ, કડિયાવાડ, જવાહર રોડ થઈ સાંજે નીજ મંદિરે પરત ફરશે.

#### પહિંદ વિધિની અનોખી વિધિ

રથયાત્રા ની શરૂઆત પહિંદ વિધિથી કરવામાં આવે છે જે અંતર્ગત ચાંદીના સાવરણાથી શોભાયાત્રાના માર્ગ પર સંતો મહંતો અને મહાનુભાવો દ્વારા સફાઈ કરવામાં આવે છે. ત્યારબાદ જ રથયાત્રા માર્ગ પર વિધિવત આગળ વધે છે.

#### સાંજે આરતી સંપન્ન થયા બાદ ૬૦ મોહનથાળનો પ્રસાદ

જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા આવતીકાલે રથયાત્રા સંપન્ન થયા બાદ મંદિરે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે અને આરતી બાદ મંદિરે દર્શનાર્થે આવેલા તમામ ભાવિકોને અંદાજિત ૬૦ કિલોથી વધુ મોહનથાળ પ્રસાદી રૂપે આપવામાં આવશે.

#### રથયાત્રા બંદોબસ્ત માટે બોડીવોર્ન કેમેરા સાથે પોલીસ કર્મીઓ તૈનાત કરાયા

જૂનાગઢમાં આવતીકાલે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા શહેરના માર્ગો પર નીકળનાર હોય જેને લઇ રેન્જ આઇ.જી નિલેશ ઝાંઝડીયાના માર્ગદર્શન હેઠળ ડીએસપી હર્ષદ મહેતાના નિદર્શન હેઠળ સલામતીના ભાગરૂપે રથયાત્રાના માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે.ડીવાયએસપી હિતેશ ધાંધલીયા તથા વિવિધ વિભાગોના પીઆઇ, પીએસઆઇ, હોમગાર્ડના જવાનો સહિત ૧૧૦ પોલીસ કર્મીઓ બોડીવોર્ન કેમેરાથી સજ્જ રહેશે સમગ્ર રથયાત્રાના રૂટ પરડ્રોન કેમેરા ઉપરાંત રથયાત્રાના રૂટ પર સીસીટીવી કેમેરા થી બાજ નજર રાખવામાં આવશે.

## પરબધામ ખાતે યોજાનાર લોકમેળાની જિલ્લા કલેકટરે મુલાકાત લીધી

### લોકમેળાના સ્થળોનું નિરીક્ષણ કરીને અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૬

ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર પરબધામ ખાતે અષાઢી બીજ મહોત્સવ એવમ્ લોકમેળાનો આજથી પ્રારંભ થઈ ચૂક્યો છે. ગઈકાલે જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ પરબધામ ની મુલાકાત લઈને લોકમેળાના વિવિધ સ્થળોનું નિરીક્ષણ કર્યુ હતું. જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયા બપોર બાદ પરબધામ આવી પહોંચ્યા હતા અને સમાધી સ્થળના દર્શન કર્યા હતા.

ત્યારબાદ પરબધામ ખાતે યોજાનાર સ્વયંભુ લોકમેળાના વિવિધ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું અને અલગ-અલગ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ કલેકટર આ સાથે પ્રાંત અધિકારી કીર્તન રાઠોડ, મામલતદાર આઈ. આર. પારગીને પણ લોકમેળા સંદર્ભે જરૂરી માર્ગદર્શન અને સૂચના આપી હતી. પરબધામના મહંત કરશનદાસ બાપુએ કલેકટરનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ તકે જીગ્નેશદાસબાપુ, કેતનદાસ બાપુ અને કનકસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ પોલીસ દ્વારા નિયમ ભંગ કરતા વાહન ચાલકો સામે લાલઆંખ

### વાહન ચેકીંગ ડ્રાઈવના ૩૦ દિવસ દરમ્યાન એમવી એક્ટ ૭૫૪ કેસો કરાયા : ૧૪ વાહનો ડીટેઈન કરાયા

જૂનાગઢ તા.૬

જૂનાગઢ રેન્જ આઈજીપી નિલેશ જાજડિયા અને એસપી હર્ષદ મહેતાની સુચના મુજબ જુનાગઢ શહેર ટ્રાફિક પીએસઆઈ એસ. એન. જાડેજા તથા જિલ્લા હાઈવે ટ્રાફિક પોલીસ, શહેર ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા જૂન મહિના દરમ્યાન વાહન ચેકીંગ ડ્રાઈવ ગોઠવી શહેર અને જીલ્લામાં ટ્રાફીક નિયમનો ભંગ કરતા વાહન ચાલકો સામે પોલીસે લાલ આંખ કરતા ૩૦ દિવસ દરમ્યાન ૩,૧૦,૯૦૦નો દંડ વસુલ કરાયો. પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢ શહેર અને જીલ્લામાં ટ્રાફીક પોલીસ દ્વારા ચેકીંગ ડ્રાઈવ દરમ્યાન એક માસ દરમ્યાન એમવી એક્ટ હેઠળ ૭૫૪ કેસ કરવામાં આવ્યા હતા. જેની સાથે વિવિધ પ્રકારે રૂપિયા ૩,૧૦,૯૦૦નાં દંડની વસૂલાત કરવામાં આવી હતી. તેમજ ૧૪ વાહનો ડિટેઈન કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ટ્રાફિક બ્રાંચ દ્વારા આઈપીસીની કલમ ૨૮૩ મુજબ ટ્રાફિક અડચણ રૂપ વાહન ચાલક વિરૂધ્ધ પાંચ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. તેમજ પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવતા ૨ વાહન ચાલકો વિરૂધ્ધ પણ ગુન્હા દાખલ કરવામાં આવેલ. જયારે દારૂ પીને વાહન ચલાવતા ૨ વાહન ચાલક વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ટ્રાફીક પોલીસ દ્વારા વાહનમાં કાળા કાચ, ટ્રાફિકને અડચણ, નો પાર્કીંગમાં પાર્ક કરેલા વાહનોને ટો કરવામાં આવેલ. સાથે કોઈ નિર્દોષ નાગરિકોને ફેમિલી વાળા હેરાન પરેશાન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી.

## મેંદરડા : અંબાળા રોડ પર બાઈક સ્લીપ થતા પત્નીની નજર સામે પતિનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

મેંદરડાના અંબાળા રોડ પર દંપતિ મોટર સાયકલ પર જતું હોય દરમ્યાન બાઈક સ્લીપ થતા પત્નીની નજર સામે પતિનું મોત નિપજયું હતું. આ અંગે મેંદરડા પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર મૃતક હનીફભાઈ જુમાભાઈ દલ અને તેમના પત્ની ફરીદાબેનને લઈ બાઈક નં. જીજે.૧૧.સીએમ.૨૪૬૧વાળી લઈ જતા હોય દરમ્યાન અંબાળા રોડ પર બાઈક અચાનક સ્લીપ થતા ફરીદાબેનને માથામાં ઈજાઓ થયેલ જયારે હનીફભાઈને ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા મેંદરડા પોલીસે કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

## મેંદરડાના ખીજડીયા ગામની સીમમાં મહિલાને વીજશોક લાગતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

મેંદરડા તાલુકાના ખીજડીયા ગામની સીમમાં ટીસી નજીક દુધનું મિલ્કન લેવા જતા મહિલાને જોરદાર વીજ શોક લાગતા મોત નિપજયાનું મેંદરડા થાણે નોંધાયું છે.

આ અંગે મેંદરડા પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડાનાં પોલીસ સ્ટેશનમાં પરબતભાઈ બાલુભાઈ કોદાવલાએ જાહેર કરેલ કે પોતે અને તેમના પત્ની જયાબેન(ઉ.વ.૪૫) ખીજડીયા ગામની સીમમાં ખેતકામ કરતા હોય દરમ્યાન જયાબેન ચા બનાવવા માટે ખેતરમાં આવેલ ટીસીના તાણીયા નજીક પડેલ દુધનું મિલ્કજ લેવા જતા તાણીયામાં હાથ અડી જતા ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી.

## વંથલીમાં પાલીકા દ્વારા દુષિત પાણી વિતરણ કરતા મહિલાઓનો હલ્લાબોલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ નજીક આવેલ વંથલી નગરપાલીકા દ્વારા દુષિત પાણી અપાતા મહિલાઓ દ્વારા હલ્લાબોલ કરવામાં આવેલ હતો સાથે તંત્ર દ્વારા આંખ આડા કાન કરતા હોવાની આક્ષેપો કરાયા હતા. જૂનાગઢ સહિત પંથકમાં પ્રથમ વરસાદે જ તમામ નદીઓમાં નવા નીર આવ્યા છે ત્યારે વંથલી નગરપાલીકા તંત્ર દ્વારા દુષિત પાણીનું વિતરણ કરાતા મહિલાઓ દ્વારા નગરપાલીકા કચેરી ખાતે પહોંચી રોષ ઠાલવ્યો હતો. નગરપાલીકા દ્વારા ફિલ્ટર કરેલ પાણી વિતરણ કરવાના બદલે ડહોળુ પાણી વિતરણ થતું હોવાની સાથે આ પાણી પીવા લાયક ન હોય, અને દુષિત પાણીના કારણે રોગચાળો ફેલાવાવાની દહેશત ફેલાઈ છે. સાથે પીવા લાયક પાણીની ચકાસણી કર્યા બાદ વિતરણ કરવા નગરપાલીકાને અનુરોધ કરાયો છે.

## જૂનાગઢમાં યુવાનનો મોબાઈલ ચોરાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

શહેરના જોષીપરામાં આવેલ વિશ્વા સીટી શીવમ ટેનામેન્ટ વિસ્તારમાં રહેતા યુવાનનો મોબાઈલ ચોરાયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બી ડીવીઝન પોલીસમાં ભગવાનજીભાઈ મુળજીભાઈ ખરવડએ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીનો પુત્ર અતુલભાઈ વિશ્વા સીટી શીવમ ટેનામેન્ટ જોષીપરા થી પોતાના ભાઈને લેવા માટે જતો હતો તે વખતે અગ્રાવતના દવાખાના પાસે પહોચેલ ત્યારે તેને ખબર પડેલ કે તેનો મોબાઈલ વીવો કંપની નો મોબાઈલ ફોન કિંમત રૂા. ૨૫૯૯૯વાળો કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જૂનાગઢનાં ચોબારી ફાટક પાસે રોડ ખુબ જ ખરાબ છે. અને હજારો વાહન ચાલકો આ રોડ પરથી પસાર થાય છે અને ભારે મુશ્કેલીનો ભોગ બનવું પડે છે પરંતુ લોકોનું સાંભળે કોણ?

